RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 55* Date: 14.12.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે





અમદાવાદ,તા.૧૩

બાીઅેપાીઅેસા (બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા અમદાવાદના આંગણે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. અમદાવાદના એસપી રિંગરોડ પર ઓગણજ ખાતે ૬૦૦ એકરમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર બનાવવામાં આવ્યું છે. અહીં ૧૫ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ભવ્ય રીતે શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ૧૪ ડિસેમ્બર (બુધવાર) એ સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ નગરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે સાંજે ૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. પીએમ મોદી ૫.૩૦ કલાકે સીધા એરપોર્ટથી ઓગણજ પહોંચશે. ઓગણજ ખાતે પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે. પીએમ મોદીના હસ્તે પ્રમુખ સ્વામી મહારાજ નગરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. પીએમ મોદીની સાથે મહંત સ્વામી સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના અન્ય સાધુ સંતો પણ હાજર રહેશે.

અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર ૬૦૦ એકરમાં વિશાળ મહોત્સવ સ્થળ બનાવાયું છે. જેમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર તૈયાર કરી અનેક સુવિધાઓ ઉભી કરાઈ છે. પ્રમુખ સ્વામી મહારાજ નગરમાં પ્રેરણાત્મક પ્રદર્શન, મનોરંજક અને જ્ઞાનવર્ધક બાળનગરી, નયનરમ્ય અને રંગબેરંગી જ્યોતિ ઉદ્યાન, અક્ષરધામની આબેહૂબ પ્રતિકૃતિ, લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિત અનેક આકર્ષણનો સમાવેશ કરાયો છે. બાળ નગરી પણ તૈયાર કરવામાં આવી છે. જેમા પ્રમુખ સ્વામી મહારાજનું જીવન ચરિત્ર પણ જોવા મળશે. બાળનગરીમાં ૬થી ૭ હજાર બાળકો એનું સંચાલન કરશે..પ્રમુખ સ્વામી નગરમાં કુલ બે સભા ગૃહ છે. પ્રમુખ સ્વામી મહારાજ સભા ગૃહ અને નારાયણ સભાગૃહ જેમા વિચાર સમારોહ થશે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૫ ડિસેમ્બરે નારાયણ સભા ગૃહનું ઉદ્‌ઘાટન કરશે. સભા ગૃહમાં ૨૧ પરિષદ, ૧૪ પ્રોફેશનલ અને ૭ એકેડેમીક પરિષદો યોજાશે. મેડિકલ, જમવાની, અધ્યામિક્તાની, સ્પોર્ટ્‌સ સહિત તમામ સુવિધાઓ છે... જો કોઈ પાસે સમય ઓછો છે તો ૨૦ મિનિટમાં સાર સમજવો હોય તો એક લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ છે. પ્રમુખ સ્વામી મહારાજ નગરમાં આધૂનિક ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧ લાખ કરતાં વધુ લોકો હશે, સ્ટેજ કાર્યક્રમ થશે અને સંબોધન પણ ત્યાં થશે. ૧૫ ડિસેમ્બરે નારાયણ સભાગૃહ છે, ત્યાં ૧ હજાર લોકો સમાવી શકાય એવો સમારોહ થશે. ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ત્યાં ઉદઘાટન થશે, માનવ ઉત્કર્ષનું આંતરાષ્ટ્રીય અધિવેશન ૧ મહિના સુધી ચાલશે. સતત સાંજે ૫ થી ૭.૩૦ દરમિયાન ૧ મહિના સુધી રોજ જુદા જુદા કાર્યક્રમ થશે. ૧૯ અને ૨૦ તારીખે ટેમ્પલ આર્કિટેકચર પર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાશે. સોમપુરાઓનું સન્માન થશે.૨૧ અને ૨૨ ડિસેમ્બરે એસસી અને એસટી માટે સંતોના યોગદાન સાથે પરિષદ યોજાશે.

તેમના ધર્મગુરુઓ પણ ઉપસ્થિત રહેશે. ૨૫ મીએ હરિદ્વાર, અયોધ્યા, જમ્મુ, કન્યાકુમારી, દ્વારકા, ત્રિપુરા આસામ સહિત અલગ અલગ તીર્થ, મઠના મહાન સંતો હાજર રહેશે. દ્વારકાના શંકરાચાર્ય સદાનંદ મહારાજ ઉપસ્થિત રહેશે.

૨૬મીએ સ્વામી નારાયણ સંત સાહિત્ય પર સાહિત્યકારો હાજર રહેશે. ૩૧મીએ ભારતના ૧૮ સંસ્કૃત યુનિવર્સિટીથી ફઝ આવશે, તમામ મોટા વિદ્વાન જેમના દર્શન માટે રાહ જોવી પડે છે એ હાજરી આપશે. ૧ જાન્યુઆરીએ બાળકો અને યુવાનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરશે. ૪ જાન્યુઆરીએ ગુજરાત ડેનો કાર્યક્રમ કરાશે. ૫ મિએ મહિલા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ, ૬, ૭, ૮, ૯ અને ૧૧ મીએ મિડલ ઈસ્ટનાં લોકો હાજર રહેશે. યુએસ અને કેનેડાના લોકો ૭ અને ૮મીએ. યુકે અને યુરોપના લોકો ૮મીએ, આફ્રિકા ડે ૯ મીએ ઉજવવામાં આવશે. ૧૧ મીએ એશિયા પેસિફિક ડે રહેશે. ૧૨ તારીખે અક્ષરધામ ડે, ૧૩ તારીખે સંગીત દિવસ, ૧૫ જાન્યુઆરીએ આ મહોત્સવની પૂર્ણાહુતિ થશે. ભારત અને વિદેશના તમામ પ્રસિદ્ધ લોકો હાજરી આપશે. નારી ઉત્કર્ષ મંડપમાં ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન રોજ મહિલા સંવાદ થશે. બે કોન્ફરન્સ હોલ છે, જેમાં ૨૧ પરિષદ થશે, ૧૪ પ્રોફેશનલ અને ૭ એકેડેમીક પરિષદ થશે.આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જાહેર કરવામાં આવી છે.

એક મહિના સુધી મહોત્સવનું સ્થળ ‘પ્રમુખસ્વામી મહારાજનગર’ અનેકવિધ કાર્યક્રમોથી ગુંજતું રહેશે. પ્રમુખસ્વામી મહારાજના જીવન, કાર્ય અને સંદેશને કેન્દ્રમાં રાખીને દરેક દિવસના વિવિધ વિષયો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોજ મધ્યાહને અલગ-અલગ મહિલા કાર્યક્રમો, સવારે વિવિધ વિષયક એકેડેમિક કોન્ફરન્સ તથા એસોસિએશનોની કોન્ફરન્સ જેવા વિવિધ કાર્યક્રમોની ભરમાર રહેશે

### ડોકલામ-લદ્દાખ પછી હવે તવાંગ, આખરે શું ચાલી રહ્યું છે ચીનના મન માં?

## ૯ ડિસેમ્બરે ચીને ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો.: રાજનાથસિંહ

### તવાંગમાં ભારત અને ચીની સૈનિકો વચ્ચે ઘર્ષણને લઈને સંસદમાં વિપક્ષી સભ્યોનો હંગામો સતત ચાલુ

નવીદિલ્હી,તા.૧૩

ડોકલામ અને લદ્દાખ બાદ હવે ચીને તવાંગમાં પણ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે, જે બાદ ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ છે. ૯ ડિસેમ્બરે પેટ્રોલિંગ દરમિયાન બંને દેશોની સેના આમને-સામને આવી ગઈ હતી. મળતી માહિતી મુજબ આ વિવાદ ચીન તરફથી શરૂ થયો હતો. ત્યારબાદ ભારતીય સૈનિકોએ જવાબી કાર્યવાહી કરી અને ૩૦૦ ચીની સૈનિકોનો પીછો કર્યો.જેમાં ૨૦-૩૦ સૈનિકો ઘાયલ થયા હતા. આ અથડામણ તવાંગ સેક્ટરમાં ત્યારે થઈ જ્યારે બંને દેશોની સેના પેટ્રોલિંગ દરમિયાન એકબીજાની સામે આવી ગઈ. ચીનની સેના એલએસી સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી. તે જ સમયે, ભારતીય સૈનિકોએ ચીની સૈનિકોનો મજબૂતીથી સામનો કર્યો. આ અથડામણ ૯ ડિસેમ્બરે થઈ હતી. એક સૂત્રએ જણાવ્યું કે, તવાંગ



સેક્ટરમાં એલએસી પર ૯ ડિસેમ્બરે પીએલએ સૈનિકો સાથે અથડામણ થઈ હતી. અમારા સૈનિકોએ નિશ્ચય સાથે ચીની સૈનિકોનો સામનો કર્યો. આ અથડામણમાં બંને પક્ષના કેટલાક સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષો તરત જ વિસ્તારમાંથી પીછેહઠ કરી ગયા હતા.ચીન અરુણાચલ પ્રદેશના તવાંગને તિબેટનો ભાગ માને છે. ચીનની ફાઈવ ફિંગર્સ ઑફ તિબેટ નીતિમાં તવાંગનો પણ સમાવેશ થાય છે. ૨૦૧૭માં ડોકલામમાં પણ ચીનની ફાઈવ ફિંગર્સ પોલિસી હેઠળ ઘૂસણખોરી થઈ હતી. લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી પણ ફાઈવ ફિંગર્સ પોલિસીનો એક ભાગ હતો.જે સમયે અથડામણ થઈ તે સમયે તવાંગમાં ભારતના માત્ર ૧૦૦ સૈનિકો તૈનાત હતા. ચીની સૈનિકો પૂરી તૈયારી સાથે આવ્યા હતા. બંને દેશો વચ્ચે ૯ અને ૧૧ ડિસેમ્બરે અથડામણ થઈ હતી. આ દરમિયાન ભારતીય સૈનિકોએ ચીનના ૧૨ સૈનિકોને પકડી લીધા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અથડામણમાં બંને તરફથી જવાનોના હાથ અને પગના હાડકાં તૂટી ગયા છે. બંને તરફથી ૫૦૦ સૈનિકો હતા. જેમાં ભારતીય સૈનિકોએ ચીનના ૩૦૦ સૈનિકોનો પીછો કર્યો હતો.આ અથડામણમાં મોટાભાગના ચીની સૈનિકો ઘાયલ થયા છે. અથડામણ બાદ બંને દેશના સૈનિકો પાછળ હટી ગયા હતા. બીજી તરફ, ભારતીય સૈનિકો જેમની હાલત વધુ ગંભીર છે, તેમને સારવાર માટે ગુવાહાટી, લેહ મોકલવામાં આવ્યા છે.

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે આજે એટલે કે મંગળવારે, અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં ચીની સેના સાથેની અથડામણના મુદ્દે તેમના નિવાસસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં એનઆઈએ અજીત ડોભાલથી સીડીએસ અને આર્મી ચીફ હાજર હતા. રાજનાથે કહ્યું કે, ચીની પક્ષને આવી કાર્યવાહી માટે મનાઈ કરવામાં આવી હતી અને સરહદ પર શાંતિ જાળવવા કહ્યું હતું. રાજદ્વારી સ્તરે ચીનની સાથે આ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. રાજનાથ સિંહે પોતાના નિવેદનમાં કહ્યું કે, આ ઘટના બાદ વિસ્તારના સ્થાનિક કમાન્ડરે સ્થાપિત વ્યવસ્થા હેઠળ ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પોતાના ચીન સમકક્ષ સાથે ફ્લેગ મીટિંગ કરી હતી અને ઘટના અંગે ચર્ચા કરી હતી.રાજનાથે વધુમાં કહ્યું કે, હું આ ગૃહને આશ્વાસન આપવા માંગુ છું કે અમારી સેના અમારી પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને તેમની વિરુદ્ધ કોઈપણ પ્રયાસને રોકવા માટે હંમેશા તૈયાર છીએ. મને ખાતરી છે કે આ ગૃહ સર્વસંમતિથી આપણા દળોની બહાદુરી અને હિંમતને સમર્થન આપશે. દરમિયાન અરુણાચલ પ્રદેશના તવાંગમાં ભારત અને ચીની સૈનિકો વચ્ચે ઘર્ષણને લઈને સંસદમાં વિપક્ષી સભ્યોનો હંગામો સતત ચાલુ છે અને વિપક્ષ પીએમ નરેન્દ્ર મોદી પાસેથી જવાબની માંગ પર અડગ છે. આ બધા વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સંસદમાં આ મામલે નિવેદન આપ્યું. પહેલા લોકસભા અને પછી રાજ્યસભામાં રક્ષામંત્રીએ નિવેદન આપ્યું. તેમણે સરહદ પર સ્થિતિની જાણકારી આપતા કહ્યું કે સરહદ પર ચીની સૈનિકો સાથે હાથાપાઈ થઈ. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ચીને સરહદ પર યથાસ્થિતિ બદલવાની કોશિશ કરી પરંતુ આપણા સૈનિકોએ બહાદુરી દેખાડતા તેમને પાછા ખદેડી મૂક્યા. અરુણાચલ પ્રદેશના તવાંગમાં તાજેતરમાં થયેલા ચીનના સૈનિકો સાથેના ઘર્ષણ મુદ્દે રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે લોકસભામાં નિવેદન આપ્યું. રાજનાથ સિંહે કહ્યું કે ૯ ડિસેમ્બરના રોજ પીએલએ ટુકડીએ તવાંગ સેક્ટરના યાંગ્ત્સે વિસ્તારમાં એલએસી પર અતિક્રમણ કરીને યથાસ્થિતિને એકતરફી રીતે બદલવાનો પ્રયત્ન કર્યો.

### હિમાચલ પ્રદેશના ધારાસભ્યોને હિમાચલ પ્રદેશથી બહાર મળતી વીઆઈપી સુવિધાઓ પર પ્રતિબંધ

શિમલા,તા.૧૩

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂએ શપથ લેતા જ મોટો નિર્ણય લીધો છે. તેમણે હિમાચલ પ્રદેશના ધારાસભ્યોને હિમાચલ પ્રદેશથી બહાર મળતી વીઆઈપી સુવિધાઓ પર પ્રતિબંધ લગાવી દીધો છે. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂએ જણાવ્યું કે, આ નિર્ણય કોંગ્રેસ ધારાસભ્યોની બેઠકમાં લેવામાં આવ્યો છે. હિમાચલ ભવન, સદનમાં જે પૈસા સામાન્ય લોકો પાસે લેવામાં આવે છે, એ જ પૈસા હિમાચલ પ્રદેશના ધારાસભ્યો પાસે પણ લેવામાં આવશે. હિમાચલ પ્રદેશના ધારાસભ્ય સામાન્ય નાગરિકોની જેમ જાત જાતના દેવાની ચૂકવણી કરશે.આ અગાઉ ૧૧ ડિસેમ્બરના રોજ હિમાચલ પ્રદેશમાં ૧૫માં મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસ નેતા સુખવિંદર સિંહ સુક્ખૂએ શપથ લીધા હતા. તેમણે કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે હિમાચલ પ્રદેશના લોકો સમૃદ્ધિ પથ પર અગ્રેસર રહેશે. વિશેષ રૂપે સમાજના વંચિત સભ્ય. હું રાજ્યના લોકોની આશાઓ અને આકાંક્ષાઓને પૂરા કરવાની તમારી સફળતાની કામના કરું છું. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ સુખવિંદર સિંહ સુક્ખૂ ૪ વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે. સુખવિંદર સિંહ સુક્ખૂના પિતા એક બસ ડ્રાઈવર હતા.

શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતા સામેલ થયા હતા. પ્રતિભા સિંહ સાથે હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરે મુલાકાત કરી હતી. આ મુલાકાતને પ્રતિભા સિંહને શિષ્ટાચાર મુલાકાત બતાવી, પરંતુ સોશિયલ મીડિયા પર તેમની મુલાકાતની તસવીર વાયરલ થવા લાગી અને લોકો જાત જાતની પ્રતિક્રિયાઓ આપી રહ્યા હતા. મુલાકાતને લઈને જયરામ ઠાકુરે પોતાના ટ્વીટર અકાઉન્ટ પરથી તસવીર શેર કરી છે. તેમણે લખ્યું કે, આજે શિમલામાં પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રીમતી પ્રતિભા સિંહજીએ શિષ્ટાચાર ભેટ કરી.તિબેટી આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ રવિવારે સુખવિંદર સિંહ સુક્ખૂને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીના રૂપમાં શપથ લેવા પર શુભેચ્છા પાઠવી હતી. તેમણે સુખવિંદર સિંહ સુક્ખૂને શુભેચ્છા પાઠવતા કહ્યું કે, ભારત છેલ્લા ૬૨ વર્ષો કરતા પણ વધુ સમયથી મારું ઘર રહ્યું છે અને હું આ સમયે મોટા ભાગનો સમય અહીં હિમાચલ પ્રદેશની ધર્મશાળામાં રહ્યો છું. આ મારા માટે ખુશીની વાત છે.

### ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સાથે તેની સરહદ પર સ્થિતિ સ્થિર છે

નવીદિલ્હી,તા.૧૩

અરુણચાલ પ્રદેશના તવાંગમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલા ઘર્ષણ પર ભારતે આકરું વલણ અપનાવ્યું છે અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. આ બધા વચ્ચે ઘર્ષણ અને સરહદ વિવાદ પર ચીનનું પહેલું નિવેદન સામે આવ્યું છે અને ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સાથે તેની સરહદ પર સ્થિતિ સ્થિર છે.

ભારત દ્વારા અરુણાચલ પ્રદેશના તવાંગમાં એલએસી પર ભારત અને ચીનના સૈનિકોના ઘર્ષણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ ચીને કહ્યું કે સરહદ પર સ્થિતિ સ્થિર છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું કે જ્યાં સુધી અમે સમજીએ છીએ, ચીન-ભારત સરહદની સ્થિતિ સમગ્ર રીતે સ્થિર છે. તેમણે વધુમાં કહ્યું કે રાજનયિક અને સૈન્ય ચેનલોના માધ્યમથી સરહદ મુદ્દે સતત વાતચીત ચાલુ છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સંસદમાં આ મામલે નિવેદન આપ્યું. પહેલા લોકસભા અને પછી રાજ્યસભામાં રક્ષામંત્રીએ નિવેદન આપ્યું. તેમણે સરહદ પર સ્થિતિની જાણકારી આપતા કહ્યું કે સરહદ પર ચીની સૈનિકો સાથે હાથાપાઈ થઈ. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ચીને સરહદ પર યથાસ્થિતિ બદલવાની કોશિશ કરી પરંતુ આપણા સૈનિકોએ બહાદુરી દેખાડતા તેમને પાછા ખદેડી મૂક્યા. રાજનાથ સિંહે કહ્યું કે ૯ ડિસેમ્બરના રોજ ઁન્છ ટુકડીએ તવાંગ સેક્ટરના યાંગ્ત્સે વિસ્તારમાં એલએસી પર અતિક્રમણ કરીને યથાસ્થિતિને એકતરફી રીતે બદલવાનો પ્રયત્ન કર્યો. ચીનના આ પ્રયત્નનો આપણી સેનાએ દ્રઢતા સાથે સામનો કર્યો. આ ઘર્ષણમાં હાથાપાઈ થઈ. ભારતીય સેનાએ બહાદુરીથી પીએલએને આપણા વિસ્તારમાં અતિક્રમણ કરતા રોકી અને તેમને તેમના કેન્દ્ર પર પાછા ફરવા માટે મજબૂર કર્યા. આ ઘર્ષણમાં બંને તરફથી કેટલાક સૈનિકોને ઈજા થઈ.

## આ ૧૯૬૨ના નબળા દિલના નેહરુનું ભારત નથી; બહાદુર, બાહોશ પીએમ મોદીનું છેઃ અનિલ વિજ

ચંડીગઢ,તા.૧૩

હરિયાણાના ગૃહ પ્રધાન અનિલ વિજે અરુણાચલ પ્રદેશમાં એલએસી પર ચીની સૈનિકો વચ્ચેની અથડામણ પર ટ્વિટ કર્યું છે. ચીનને સલાહ આપવાની સાથે ગૃહમંત્રીએ કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા છે. મંત્રીએ લખ્યું છે કે ચીનીઓએ સમજી લેવું જોઈએ કે, આ ૧૯૬૨ના નબળા દિલના પીએમ જવાહરલાલ નેહરુનું ભારત નથી. આ પહેલા પણ ગૃહમંત્રી પોતાના નિવેદનોને લઈને



ચર્ચામાં રહ્યા છે. પરંતુ પૂર્વ પીએમ જવાહરલાલ નેહરુને નબળા દિલના કહ્યા બાદ ઘણા લોકો આ નિવેદનનો વિરોધ પણ કરી રહ્યા છે.

ગૃહમંત્રીએ ટ્વીટમાં લખ્યું કે, આ ૨૦૨૨ શેર દિલ પીએમ નરેન્દ્ર મોદીનું ભારત છે. અહીં તમને જણાવી દઈએ કે શુક્રવારે, અરુણાચલ પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટનામાં બંને દેશના સૈનિકો ઘાયલ થયા છે. આ ઘટના તવાંગ સેક્ટરના યાંગસ્ટે ખાતે બની હતી. ભારતના સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ ઘટના ૯ ડિસેમ્બર, ૨૦૨૨ની છે. એલએસી પાર કરવાનો પ્રયાસ કરનાર ચીની સૈનિકોને ભારતીય સૈનિકોએ પૂરી તાકાતથી જવાબ આપ્યો હતો.

જો કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચેના આ અથડામણના સમાચાર સાથે, રાજકારણ ઉગ્ર શરૂ થઈ ગયું છે. ભારતીય સેનાની બહાદુરીની કદર કરવા અને તેમનું મનોબળ વધારવાને બદલે કોંગ્રેસના નેતાઓથી લઈને ઓવૈસી સુધીના મોટાભાગના વિપક્ષી નેતાઓએ મોદી સરકાર પર તેમના પ્રહારો તેજ કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ન્યાયતંત્ર-સરકાર વચ્ચે અપ્રિય સ્થિતિ

*ન્યાયાધીશોની નિયુક્તિ માટેની કોલેજિયમ પ્રણાલી ફરી એક વખત ચર્ચામાં છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીએ હાલમાં જ સુપ્રીમ કોર્ટની કોલેજિયમ સંદર્ભે કહ્યું કે ન્યાયાધીશ, યોગ્યતાને બાજુ પર રાખીને પોતાની પસંદના લોકોની નિયુક્તિ કે પદોન્નતિ કે ભલામણ કરે છે. કાયદા મંત્રી કિરણ રિજિજુએ આ વાત પર ચિંતા વ્યક્ત કરી કે જજો અને મંત્રીઓમાં ટકરાવની સ્થિતિ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે પણ એ સમજવું જોઈએ કે ટી.એન. શેષન જેવા ચૂંટણી કમિશનરની જરૂર છે. ન્યાયાધીશોની નિષ્ઠા વ્યક્તિઓને બદલે બંધારણ પ્રત્યે હોવી જોઈએ. બધા જાણે છે કે ભારતીય લોકતંત્રના સાડા સાત દાયકાના સફરની સફળતાનું રહસ્ય પણ એ જ છે કે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રએ પોતપોતાના દાયરાનું હંમેશાં સન્માન કર્યું છે અને જ્યારે પણ તકરારની નોબત આવી, ત્યારે આ ત્રણેય અંગોના નેતૃત્વએ ગરિમામય રીતે તેનું સમાધાન કાઢ્યું.*

*ન્યાયાધીશોની નિયુક્તિ પ્રક્રિયામાં પ્રદર્શિતાને લઈને દાયકાઓથી વાત થતી રહી છે. સુપ્રીમ અને હાઈકોર્ટના ન્યાયાધીશોની પસંદગી માટે ન્યાયાધીશોનું જ કોલેજિયમ હોય છે. સમયની સાથે સાથે આ કોલેજિયમની કાર્યપ્રણાલીની નિષ્પક્ષતા પર જ પ્રશ્નચિહ્ન પેદા થઈ ગયા છે. મુશ્કેલી એ છે કે કોલેજિયમ કોઈના પ્રત્યે જવાબદાર નથી. કોલેજિયમની મુખ્ય સમસ્યાઓમાં એક તેનું વરિષ્ઠતા પર બહુ ભાર મૂકવાનું કહી શકાય. એ સાચું કે વરિષ્ઠતાને આધાર બનાવવાથી કોલેજિયમમાં એક પ્રકારની પારદર્શિતા અને નિશ્ચિતતાની ઝલક મળે છે. બીજી તરફ આ પ્રકારની ચૂંટણીમાં પ્રતિભા અને યોગ્યતા પાછળ રહી જાય છે. કોલેજિયમ સિસ્ટમની જગ્યાએ, સરકાર એક 'રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ'ની રચના કરવા માંગે છે અને તેને સંબંધિત એક વિધેયક ૨૦૧૪માં સંસદમાંથી પસાર પણ કરાવવામાં આવ્યું હતું, પરંતુ ઓક્ટોબર ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની પીઠે ૪:૧થી આ કાયદાને ગેરબંધારણીય ગણાવતાં રદ્દ કરી દીધો. કોલેજિયમની કાર્યપદ્ઘતિ માટે લેખિત નિયમાવલીનો અભાવ, પસંદગી માટે કોઈ નિશ્ચિત માપદંડનો અભાવ, પહેલાં લેવાયેલા પોતાના નિર્ણયોને પલટવા તથા મીટિંગ સહિત રેકોર્ડનું પ્રકાશન વગેરે કેટલીક એવી વિસંગતિઓ છે, જે કોલેજિયમને અપારદર્શી રાખવાની સાથે જ તેના પતનનું કારણ બને છે. ન્યાયિક નિયુક્તિઓમાં ભાઈ-ભત્રીજાવાદના વધતા ચલણનો પણ આજે ઈનકાર ન કરી શકાય. એ જ કારણે સરકાર અને સામાન્ય લોકોને પણ ફરિયાદ રહે છે કે આ કોલેજિયમ પોતાના સંબંધીઓ અને તેમના મનપસંદ વકીલોને જજ બનાવી દે છે. ન્યાયપાલિકામાં પણ રાજનીતિની જેમ જ સગાંવાદ અને ભ્રષ્ટાચારની બૂમ કોઈને કોઈ રીતે ઊઠતી જ રહે છે.*

*સ્વતંત્રતા બાદ ૪૩ વર્ષ સુધી સરકાર જજોની નિયુક્તિ કરતી હતી, પરંતુ આ પ્રક્રિયામાં રાજકીય હિતોની પ્રધાનતા વધવા લાગી. વિખ્યાત રહેલા ફર્સ્ટ જજિસ કેસ-એસપી ગુપ્તા કેસ બાદના નિર્ણયમાં ૧૯૯૩થી કોલેજિયમ સિસ્ટમ શરૂ થઈ અને જજોની નિયુક્તિનો અધિકાર ન્યાયપાલિકાએ પોતાના હાથમાં લઈ લીધો. આ વ્યવસ્થામાં રાજકીય હસ્તક્ષેપની આશંકાને ખતમ કરવા માટે કોલેજિયમ સિસ્ટમની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં પાંચ વરિષ્ઠ જજોની પસંદગી સમિતિ આ કામ કરે છે. જોકે હવે તેના પર પારદર્શિતાના સવાલો ઉઠવા લાગ્યા છે. દેખીતું છે કે પારદર્શિતા ન્યાયની આધારભૂત વિશેષતા છે. સારું થાત કે ભારતીય ન્યાયપાલિકાની શાખને વધુ મજબૂત બનાવવા માટે એક સર્વમાન સમાધાન સુધી પહોંચવામાં આવ્યું હોત. પરંતુ હાલમાં તો ટકરાવની સ્થિતિ ચાલી રહી છે.*

# બેસણામાં સફેદ રંગને તિલાંજલિ આપી પિંક રંગને સ્થાન આપવા રાજુ રદીની હાકલ!!!

સામાન્ય રીતે શોક પ્રદર્શિત કરવા સફેદ, કાળા, ભૂરા રંગનો ઉપયોગ કરવામાં આવે છે. બેસણામાં સફેદ રંગનો અતિરેક આંખમાં કાચની કરચોની માફક ખૂંચે છે. એકાદ બે જણા કલરફૂલ કપડાં પહેરીને બેસણાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

શોકસભા સોગિયાની સભા છે. કાબરચીતરી દાઢીવાળા અગર કારચિતરા વાળવાળા બબુચકો સજજડબમ હોઠ દાંત કચકચાવીને ભીંસી રાખે છે. એરટાઈટ મુખબાવળમાંથી સ્મિત કે મરકલડું નીકળે તો પૃથ્વીનો પ્રલય થઇ જશે તેવી તેમની બાલિશ ધાસ્તી હોય છે!!!

મૃત્યુ સાથે આપણે અવસાદ, શોક, દુખ, વિષાદને ફિલ્મના પેલા ગીત જેમ ફોટો ચીપકાદે ફેવિકોલથી જોડી દીધા છે. માનો કે એ જ પ્રોટોકાલ ઉર્ફે શિષ્ટાચાર ન હોય.ભગવદ ગીતા અને અન્ય ધર્મગ્રંથોમાં મરણ જૂના વસ્ત્રો બદલીએ એટલું સરળ અને સહજ વર્ણવેલ છે. જરા,આધિ, વ્યાધિ, ઉપાધી એ જીવનની ઘટમાળ છે. માનો કે કોઇ અજન્મા હોય તો પણ જમીનમાં સમાઇ જવું પડે છે!! જો જન્મનો આનંદ હોય તો મૃત્યુનો પણ નિર્વિવાદપણે આનંદ, પરમાનંદ, સચ્ચિદાનંદ અપાર્થિવ દિવ્યાનંદ હોવો જોઇએ.મૃત્યુ પાછળ શોક કરવાથી મૃતક પુનઃ જીવિત થઇ શકતો નથી. અન્યથા ગગનભેદી વિલાપ ખચિતપણે યથાર્થ અને સમયોચિત છે!!

જમાનાથી આગળ અને વિઝનરી લિજિન્ડરી રજનીને મૃત્યુનો મહોત્સવ મનાવવાનો બોધ આપ્યો છે.અલબત, તેમના અનુયાયી પણ આ બોધથી કિનારો કરતા હશે!!

હમણા અમારા સ્વજનનું આકસ્મિક નિધન થયું. તેની પંદર-સોળ વર્ષની ભાણી ઉછળી ઉછળીને મામા ઉભા થાવ કહેતી હતી. પંદર વરસની છોકરી મૃત્યુ વિશે અનભિજ્ઞ ન હોય. છતાં,તે બાલિશતા દાખવી રહી હતી.

આપણે મૃતક પર જેટલું એટેન્શન આપીએ છીએ એટલુ એ જીવતા હોય ત્યારે આપ્યું હોત તો બાપડો પાંચ વરસ વધુ જીવી શકયો હોત!! એના આંટવાં વખાણ કરે કે બાપડાન્ નનામીમાંથી ઉભા થઇ જવાની અદમ્ય ઇચ્છા થઇ જાય!! કયા બાત હૈ!!

આપણો વૈરાગ્ય સ્મશાન વૈરાગ્ય હોય છે. પહેલા સ્મશાને જઇ કડવા લીમડાની એક ડાળી તોડી તેને ચાવીને થૂંકી નાંખવાનાં આવતો હતો!! આવું જ શોકનું થવું જોઇએ!!

કેટલાક લોકો હવે પુત્રીના હાથે મુખાગ્નિ અપાવે છે. દીકરીઓ પણ બાપના નનામીને કાંધ આપે છે. આ પ્રકારની પહેલ માટે સૌને અભિનંદન ઘટે છે!!આપણા દેવીપૂજક ભાઇઓ ઓશો રજનીશને ફોલો કરતા હોય તેમ બેન્ડ, બાજા, અબીલ ગુલાલ સાથે અંત્યેષ્ટિ કાઢે છે!!જીવનની લીલી વાડી જોઇ મહા પ્રયાણ કરનારા ઘણા વડીલો શોકને બદલે ઉલ્લાસ સાથે અંતિમયાત્રા કાઢવા, બેસણાની જાહેરાત-ફોટો પણ જીવતા જીવ પસંદ કરે છે. ઉત્સાહી આત્મા પોતાનું જીવતું જગતિયુ પણ ધામધૂમથી કરે છે. જયાં માત્ર નનામીની કમી હોય છે!!

મેઘ ધનુષ્યમાં સાત રંગ છે. જેમાં કાળા રંગનો સમાવેશ થતો નથી. ગુલાબ શોક પ્રદર્શિત કરવા પોતાનો લાલ રંગ કાળો કરતું નથી. મંગળ ગ્રહનો રંગ લાલ છે. શોક દેખાડવા તેનો રંગ કાળો કે સફેદ કરતો નથી.

હમણા ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરની ફિલિન્ડર્સ સ્ટ્રીટ સહિત બીજી સ્ટ્રીટની બિલ્ડિંગો ગુલાબી રંગની રોશનીથી સુશોભિત કરાઇ. વેલ. કોઇ હેપી ઈવેન્ટ હશે!!! ના સાહેબ એવું નથી.

ઓસ્ટ્ર્લિયાના ગાયક-અભિનેતા ઓલિવીયા ન્યુટન( આઇઝેક ન્યુટન સાથે ઓલિવીયાનો સંબંધ પ્રસ્થાપિત કરવાની ચેષ્ટા કરશો નહીં. બધી લાલ લૂગડાવાળી આપણી ઘરવાળી ન હોય,બોસ!!) ૭૩ વરસની વયે અવસાન પામ્યા!ઓલિવિયાને ચાર વાર સંગીતનો ઓસ્કાર સમાન ગ્રેમી એવોર્ડ મળેલ હતો.૧૯૭૦ના દાયકાના મોટા પોપ સ્ટાર હતા. તેમને શ્રધ્ધાજંલિ આપવા માટે ગુલાબી રોશની કરાઇ!!!

આ સમાચાર વાંચીને રાજુ રદી એકસાઇટેડ છે!!!તેણે સાત આઠ ફૂટની લાંબી અરજી લખી છે, જેમાં બેસણાની ચાદર, મંડપ, ચંદરવો, ગાદલાની ચાદર, બેનો-ભાઇના કપડાં વગેરેનો કલર ગુલાબી રાખવાનો પુલાવી ખ્યાલ પકાવ્યો છે. લેટ અસ વેઇટ ફોર પિંક કલર ઇન બેસણાઝ!!!

ભરત વૈષ્ણવ

# 'સાહિત્ય સંગીતનું વિશ્વ' ગ્રુપનાં તૃતીય વર્ષ નિમિત્તે, એક મૌલિક લેખ નિખિલ કિનારીવાળા, મોડરેટર શીર્ષક: 'સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ'

'સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ'

નિખિલ કિનારીવાળા, મોડરેટર

મિતેન કારકિર્દી અંગેના કે તેનાં અંગત જીવનના કોઈપણ મહત્વનાં નિર્ણયો લેતાં પહેલાં હંમેશા વિચારતો કે મારાં આ પગલાંથી લોકો શું કહેશે? રૂપાલી હંમેશા પોતાના ઘર સંસારના અથવા પોતાની કારકિર્દી અંગેના નિર્ણયો લેતા પહેલાં અચૂક એવું વિચારતી કે લોકો શું કહેશે ? જીતુભાઈ અને નીતાબેન વૃદ્ધાવસ્થામાં સ્વ અંગે સ્વતંત્ર નિર્ણય લેતાં એવું વિચારી ખચકાતાં હોય છે કે લોકો શું વિચારશે, શું કહેશે? દુનિયામાં આવું બધાં સાથે જ બનતું હોય છે, આમાં કોઈ અપવાદ નથી.

સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ જયારે પોતાનાં જીવનનો કોઈ મહત્વનો નિર્ણય લેતી હોય છે ત્યારે તે સારી પેઠે જાણતી હોય છે કે આ નિર્ણયથી પોતાનાં આપ્તજનો ખુશ થશે કે નાખુશ . પોતાના મનને સંતુષ્ટિ થશે કે નહીં . સાચાં નિર્ણયો હંમેશા સ્વસ્થ મનથી લેવાય છે અને તે વ્યક્તિને આગળ ધપવા માટેનું બળ પૂરું પાડે છે. આગળનાં જીવનની દિશા નક્કી કરનારાં નિર્ણયો ચોક્કસ અઘરા હોય છે. કદાચિત પરિવારજનો, જ્ઞાતિ, સમાજ આ બધાં જ આપણાં નિર્ણય સાથે સંવાદિતામાં હોય કે ન પણ હોય. આવા સમયે શાને પ્રાધાન્ય આપવું તે ખૂબ અગત્યનું બની જાય છે. પોતાનો આત્મવિશ્વાસ, સ્પષ્ટ દ્રષ્ટિ તથા આવનાર પડકારોને ઝીલી લેવા માટે મજબૂત મનોબળ સાથેનું આયોજન મહત્વનો ભાગ ભજવે છે. સફળતા અને નિષ્ફળતા તો ઘણાં બધાં પરિબળો પર આધાર રાખે છે, પરંતુ લીધેલાં નિર્ણય ઉપર મક્કમ રહી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર




સાનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓને વધાવી લેવાની કે ખમી લેવાની માનસિક તૈયારીઓ રાખવી જરૂરી છે. આવામાં બહારની કોઈપણ વ્યક્તિના મંતવ્ય ન તો મદદરૂપ કે ન અડચણરૂપ ગણાવા જોઈએ.

દુનિયાનાં ઈતિહાસમાં સફળતાની ટોચે પહોંચેલી અસંખ્ય વ્યક્તિઓનાં જીવનની રૂપરેખા તપાસીએ તો તે બધાંમાં એક સામાન્ય પરિબળ ઉપસીને બહાર આવે છે અને તે છે તેમનાં યોગ્ય સમયે લીધેલાં બાહોશ નિર્ણયો અને તેમની કર્તવ્યનિષ્ઠા. તેમનાં વિચારો અને નિર્ણયોમાં કદાચ ઘેલછા હતી પરંતુ એક ચોક્કસ દ્રષ્ટિ હતી,જે સામાન્ય લોકો જોઈ શકતાં નહોતાં, તે તેમણે જોયું, તે દિશામાં મક્કમ ડગ માંડ્યાં અને સફળતાને વર્યા. બિલ ગેટ્સ, સ્ટીવ જોબ અને નારાયણ મૂર્તિ આજનાં ટેકનોલોજી યુગમાં આ બાબતે અનુકરણીય ઉદાહરણ છે. તેમણે લોકોનાં મંતવ્યની અને અનુમતિની પરવા કર્યા સિવાય સ્વપ્ન જોયાં, તેને સિધ્ધ કરવા અથાગ પ્રયત્નો કર્યાં. તેમણે પોતાનાં જીવનમાં ક્યારેય લોકોનાં પ્રમાણની પરવા કરી નથી. તેથી જ આજે સમગ્ર વિશ્વ પર્સનલ કમ્પ્યુટર, તેના સર્વસ્વીકૃત સોફ્ટવેર તથા તેનો વ્યાપક પ્રમાણમાં વ્યાપારિક વ્યવસ્થાઓમાં ઉપયોગ કરી રહ્યું છે.

દરેક ક્ષેત્રે આવી શિરમોર વ્યક્તિઓ મળશે જેમણે મજબૂત મનોબળથી અને તેમની કર્તવ્યનિષ્ઠાથી અકલ્પ્ય પરિણામો હાંસિલ કર્યા છે. ભારતનાં રાજકીય ક્ષેત્રે મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

આજના દિવસે દેશનાં વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નામ પણ આ શ્રેણીમાં જોડી શકાય. વિપરીત પરિસ્થિતિમાં પણ દીર્ઘદ્રષ્ટિ, મક્કમ નિર્ણયશક્તિ અને તેનું અમલીકરણ તેમને સફળતા સુધી લઈ ગયાં. ગૌતમ બુદ્ધે જો લોકોના કહેવાની પરવા કરી હોત તો ઘરગૃહસ્થી અને રાજપાટનો ત્યાગ કરી તેઓ રાજકુમાર સિધ્ધાર્થમાંથી ભગવાન ગૌતમ બુદ્ધ ન બની શક્યાં હોત.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે પોતાની મનની શક્તિ ઉપર વિશ્વાસ રાખો. પોતાની ઉન્નતિ માટે સ્વને કેન્દ્રમાં રાખીને નિષ્પક્ષ નિર્ણય લો. આત્મવિશ્વાસથી ભરપૂર જિંદગી જીવો. લોકો, જ્ઞાતિ, અને સમાજને ગંભીરતાથી ન લો અને જરૂર પડે અવગણવાની હિંમત દાખવો. દરેક પરિસ્થિતિમાં આપણે લીધેલાં નિર્ણય માટે આપણે પોતે જ જવાબદાર હોઈએ છીએ. 'સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ' ની ભાવનાથી દૂર રહીએ અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈને જીવનને ઉન્નત કરીએ.

વિચારયાત્રા:

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

૧૦ ડીસેમ્બર ૨૦૨૨

# કલમ ૩૭૦ હટાવ્યા બાદ ઘૂસણખોરીના કેસમાં લગભગ ૭૫ ટકાનો ઘટાડો થયો છે : કેન્દ્ર સરકાર

શ્રીનગર,તા.૧૩

ભારત સરકાર જમ્મુ-કાશ્મીરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. અહીં સેના પાસે સીમા પાર પ્રાયોજિત આતંકનો સામનો કરવાનો મોટો પડકાર છે. સરહદ પારથી કાશ્મીરને અસ્થિર કરવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. પાકિસ્તાનની આઈએસઆઈ સતત ભારતમાં ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ઘૂસણખોરીના કેસમાં ઘટાડો થયો છે. ૨૦૧૯ થી ઘૂસણખોરીના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગૃહ મંત્રાલયે કહ્યું કે, દેશમાં ઘૂસણખોરીના કેસમાં ઘટાડો થયો છે. રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે સંસદમાં જવાબ આપતાં આ વાત કહી છે. તેણે છેલ્લા ૧ વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૧ સુધીની ઘૂસણખોરીની વિગતો પણ આપી. કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ૧ વર્ષમાં સરહદ પર ઘૂસણખોરીના કુલ ૩૪ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, છેલ્લા ૧ વર્ષમાં સરહદ પર સેના દ્વારા ૧૨ ઘૂસણખોરો માર્યા ગયા હતા.

નોંધપાત્ર રીતે, ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ, જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરવામાં આવી હતી. ત્યારથી, સરકાર ત્યાંના નાગરિકોને વધુ સારી સુવિધાઓ આપવા માટે સતત કામ કરી રહી છે.

ખીણમાંથી કલમ ૩૭૦ હટાવ્યા પછી, ત્યાં આતંકવાદમાં ઘટાડો થયો છે, સાથે જ ઘૂસણખોરીના મામલાઓમાં ૨૦૧૯ની સરખામણીમાં લગભગ ૭૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૯માં ઘૂસણખોરીના કુલ ૧૩૮ કેસ સામે આવ્યા હતા, જ્યારે ૨૦૨૧માં ૩૪ કેસ સામે આવ્યા છે. આ રીતે કલમ ૩૭૦ હટાવ્યા બાદ ઘૂસણખોરીના મામલામાં ઝડપથી ઘટાડો થયો છે.

ગયા

દિલની સાંકડી ગલીમાં,
સનમ ને હું ભટકાઇ ગયા.
આભ-જમીનને મળે ત્યાં,
સનમ ને હું અટકાઇ ગયા.
સમસ્યાના સમાધાન માટે,
સનમ ને હું લટકાઇ ગયા.
નયનોનો કયાં ભરોસો છે,
સનમ ને હું નજરાઈ ગયા!
નિંદા-કૂથલીના કળણમાં,
સનમ ને હું લપટાઇ ગયા.
વિશ્વાસે વહાણ ન ચાલ્યા,
સનમ ને હું અથડાઇ ગયા!!

ભરત વૈષ્ણવ
૧૩.૧૨.૨૦૨૨.

## બિલ્કીસ બાનો કેસ:

# સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ બેલા એમ ત્રિવેદીએ કેસની સુનાવણીમાંથી પોતાને અલગ કર્યા

નવીદિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ, જસ્ટિસ બેલા એમ ત્રિવેદીએ ૨૦૦૨ના ગોધરા રમખાણો દરમિયાન સામૂહિક દુષ્કર્મ અને તેના પરિવારના સભ્યોની હત્યા કરનારા ૧૧ દોષિતોની અકાળે મુક્તિને પડકારતી બિલકિસ બાનો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણીમાંથી પોતાને અલગ કરી લીધા છે.બિલ્કીસ બાનોએ બે અઠવાડિયા પહેલા ૧૫ ઓગસ્ટના રોજ દોષિતોની મુક્તિ માટે છૂટછાટ સામે તેમની અરજી દાખલ કરી હતી, જેમાં કહ્યું હતું કે દોષિતોની વહેલી મુક્તિએ "સમાજના અંતરાત્માને હચમચાવી નાખ્યો છે". બાનોએ કહ્યું કે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાની જરૂરિયાતને સંપૂર્ણપણે અવગણીને યાંત્રિક આદેશ પસાર કર્યો.



બાનોએ એક અલગ પિટિશન પણ દાખલ કરી છે, તેણે ગુનેગારની અરજી પર સર્વોચ્ચ અદાલતના ૧૩ મે, ૨૦૨૨ના આદેશની સમીક્ષાની માંગ કરી છે, જેમાં ગુજરાત સરકારને તેની ૯ જુલાઈ, ૧૯૯૨ની નીતિ અનુસાર દોષિતોને રાહત આપવા જણાવ્યું છે. બે મહિનાના સમયગાળામાં મુક્તિ અરજી પર નિર્ણય લેવાના દૃષ્ટિકોણ સાથે અકાળે મુક્તિ માટેની અરજી. ૧૫ ઓગસ્ટના રોજ દોષિતોને મુક્ત કરવા માટે છૂટછાટ આપવા સામેની તેમની અરજીમાં બાનોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાની જરૂરિયાતને સંપૂર્ણપણે અવગણીને એક યાંત્રિક આદેશ પસાર કર્યો છે.ગોધરા ટ્રેન સળગાવવાની ઘટના બાદ ફાટી નીકળેલા રમખાણોમાંથી ભાગતી વખતે બિલ્કીસ બાનો ૨૧ વર્ષની અને પાંચ મહિનાની ગર્ભવતી હતી ત્યારે તેના પર સામૂહિક બળાત્કાર થયો હતો.

માર્યા ગયેલા પરિવારના સાત સભ્યોમાં તેમની ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થાય છે. કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી અને સુપ્રીમ કોર્ટે ટ્રાયલ મહારાષ્ટ્રની કોર્ટમાં ટ્રાન્સફર કરી હતી.હાલની રિટ પિટિશન રાજ્ય / કેન્દ્ર સરકારના તમામ ૧૧ દોષિતોને છુટ આપવા અને અકાળે મુક્તિ આપવાના નિર્ણયને પડકારે છે, જે માનવોના એક જૂથ દ્વારા માનવોના બીજા જૂથ પરના અત્યંત અમાનવીય હિંસા અને ક્રૂરતાના સૌથી ભયંકર ગુનાઓમાંથી એક છે.

તમામ નિઃસહાય અને નિર્દોષ લોકો- તેમાંથી મોટા ભાગના કાં તો સ્ત્રીઓ અથવા સગીર હતા, ચોક્કસ સમુદાય પ્રત્યેના તિરસ્કારને કારણે તેઓ ૨૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મુંબઈની વિશેષ સીબીઆઈ કોર્ટે ૧૧ લોકોને આજીવન કેદની સજા ફટકારી હતી. બાદમાં બોમ્બે હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતે તેમની સજાને માન્ય રાખી હતી. આ કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા ૧૧ લોકો ૧૫ ઓગસ્ટના રોજ ગોધરા સબ-જેલમાંથી બહાર નીકળી ગયા હતા જ્યારે ગુજરાત સરકારે તેમની માફી નીતિ હેઠળ તેમને મુક્ત કરવાની મંજૂરી આપી હતી. તેણે જેલમાં ૧૫ વર્ષથી વધુ સમય પૂરો કર્યો હતો.

## પાક.સાથે સંબંધો બધા જાણે પરંતુ ચીન સાથે પણ આપણે સારા સંબંધો સ્થાપિત કરી શક્યા નથીઃ ઓમર અબ્દુલ્લા

શ્રીનગર,તા.૧૩

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ તવાંગ અથડામણ મામલે મોટું નિવેદન આપ્યું છે. તેણે કહ્યું કે આ દુર્ભાગ્યપૂર્ણ છે કે અમે અમારા પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી શકતા નથી. પાકિસ્તાન સાથેના આપણા સંબંધો વિશે બધા જાણે છે પરંતુ ચીન સાથે પણ આપણે સારા સંબંધો સ્થાપિત કરી શક્યા નથી. આ દરમિયાન ઓમર અબ્દુલ્લાએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નિવેદનને યાદ કર્યું.

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે પૂર્વ પીએમ સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે મિત્રો બદલી શકાય છે પરંતુ પડોશી બદલી શકાતા નથી. અમે અમારા પડોશીઓને બદલી શકતા નથી પરંતુ અમે તેમની સાથે વધુ સારા સંબંધો બનાવી શકીએ છીએ. ચીનની પણ જવાબદારી છે કે તે આપણી સાથે સારા સંબંધો બાંધે અને સરહદો પરના આ ઘૂસણખોરી અટકાવે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણને લઈને લોકસભામાં નિવેદન આપ્યું હતું. રાજનાથે કહ્યું- ૯ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પીએલએ ટુકડીઓએ તવાંગમાં એલએસીનું ઉલ્લંઘન કર્યું અને નિયમો તોડ્યા. ભારતીય સેનાએ પીએલએને અતિક્રમણ કરતાં અટકાવ્યું. તેને પોતાની પોસ્ટ પર જવાની ફરજ પડી હતી.

રક્ષામંત્રીએ કહ્યું હતું કે આ ઘટનામાં બંને દેશના કેટલાક સૈનિકો પણ ઘાયલ થયા છે. આપણા સૈનિકોમાંથી એકપણ મૃત્યુ પામ્યો નથી કે ગંભીર રીતે ઘાયલ થયો નથી. આપણે સમયસર પગલાં લીધા, જેને કારણે ચીની સૈનિકો ભાગ્યા હતા.. આ પછી સ્થાનિક કમાન્ડરે વ્યવસ્થા હેઠળ ૧૧ ડિસેમ્બરે ચીની કાઉન્ટર પાર્ટ સાથે ફ્લેગ મીટિંગ કરી. ચીનને આવી કાર્યવાહી માટે મનાઈ કરવામાં આવી હતી અને શાંતિ જાળવવા માટે કહેવામાં આવ્યું હતું.

# સત્યેન્દ્ર જૈનની અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાની ના પાડી ફટકાર લગાવી

નવીદિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે જેલમાં બંધ આમ આદમી પાર્ટી ના મંત્રી સત્યેન્દ્ર જૈનની જામીન અરજી પર વિચાર કરવાની ના પાડી દીધી હતી. આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી કે તેમની જામીન અરજી પર વહેલી તકે સુનાવણીના આદેશ આપવામાં આવે.

દિલ્હી હાઇ કોર્ટે એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) પાસે સત્યેન્દ્ર જૈનની જામીન અરજી પર જવાબ માગ્યો છે. સુપ્રીમ કોર્ટે સત્યેન્દ્ર જૈનને ફટકાર લગાવતા કહ્યું કે, સુપ્રીમ કોર્ટ હાઇ કોર્ટનું રોસ્ટર નક્કી કરવા માટે નથી.

સત્યેન્દ્ર જૈન તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ રાહુલ મેહરાએ કહ્યું કે, દિલ્હી હાઇ કોર્ટને આ કેસમાં જલદી સુનાવણી કરવા કહેવામાં આવે, કેમ કે રજાઓ શરૂ થવાની છે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તમે દિલ્હી હાઇ કોર્ટને અનુરોધ કરી શકો છો. તમે સીધા સુપ્રીમ કોર્ટ આવતા રહ્યા કેમ કે તમે અહીં આવવાનો ખર્ચ ઉઠાવી શકો છો. અમે અહીં હાઇ કોર્ટનું રોસ્ટર તૈયાર કરવા માટે નથી. સત્યેન્દ્ર જૈનની અરજી પર જસ્ટિસ એમ.આર. શાહ અને એસ. રવીન્દ્રની બેન્ચ સુનાવણી કરી રહી હતી.


જસ્ટિસ ભટ્ટે કોર્ટમાં પેન્ડિંગ જામીનના કેસો પર ચિંતા વ્યક્ત કરી. ઈઙ્ઢ તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું કે, જેલ સુધી તો બરાબર છે, પરંતુ દરેક જગ્યાએ સત્યેન્દ્ર જૈનને વિશેષ સુવિધા નહીં આપી શકાય. એવા ઘણા લોકો છે જે જેલમાં છે અને વહેલી તકે બહાર આવવા માગે છે, પરંતુ બધા લોકો સુપ્રીમ કોર્ટમાં આવી શકતા નથી. સત્યેન્દ્ર જૈનની જામીન અરજીને ટ્રાયલ કોર્ટે પણ ફગાવી દીધી હતી. ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ એવું જાણવા મળે છે કે, સત્યેન્દ્ર જૈને કોલકાતાના ઓપરેટરોને પૈસા આપ્યા અને ત્યારબાદ આ કેશને શેરોના વેચાણ દ્વારા ૩ કંપનીમાં લાવવામાં આવ્યા.

જેના દ્વારા એ દેખાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે, ત્રણેય કંપનીઓની આવક બેદાગ છે. આ પ્રક્રિયા દ્વારા ૪.૬૧ કરોડ રૂપિયાની લોન્ડ્રિંગ કરવામાં આવી. એ સિવાય JJ Idea Estate Pvt Ltd નામની કંપની દ્વારા પણ આ પ્રકારનો ગુનો કરવામાં આવ્યો છે.

આ કેસમાં ઈડીએ CBI FIRના આધાર પર મની લોન્ડ્રિંગ કેસમાં સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરી હતી. સત્યેન્દ્ર જૈન પર આ એફઆઈઆર ભ્રષ્ટાચાર વિરોધી કલમો હેઠળ વર્ષ ૨૦૧૭માં નોંધવામાં આવી હતી. સત્યેન્દ્ર જૈન પર આરોપ છે કે, ૪ કંપનીઓ દ્વારા સત્યેન્દ્ર જૈને મની લોન્ડ્રિંગ કરી હતી. આ કેસમાં હાઇ કોર્ટ દ્વારા આગામી સુનાવણી ૨૦ ડિસેમ્બરના રોજ કરવામાં આવશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 120

શબ્દ : સહેલગાહ

શીર્ષક : મોજ માણવા

શબ્દો : ૮૫

ચાલી-ચાલીને પગ દુઃખે છતાં લાગે નહીં થાક,
આનંદને હર્ષોલ્લાસથી અમે ગયા મોજ માણવા.
મન ફાવે ત્યાં ફરો પણ ધરતીનો છેડો ઘર
મિત્રો સાથે નિકળી પડ્યા સૌ મોજ માણવા.
અમે નિકળ્યા પર્યટને સૌ ગયા મોજ માણવા,
સધિયારો મળતાં ચાલ્યા અમે મોજ માણવા.
મન ફાવે ત્યાં ફરો પણ ધરતીનો છેડો એ ઘર
મિત્રો સાથે નિકળી પડ્યા સૌ મોજ માણવા.
મારી શાળાના બાળકો સાથે ગયા બધા ફરવા,
સાથે મળીને ટીખળ કરવા ગયેલા મોજ માણવા.
સહેલાણીઓ સાથમાં લીધી સહેલગાહ કરવા,
'રમા' અરમાનો પુરા કરવા ગયા મોજ માણવા.

ડૉ રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

# પ્રસિદ્ધ લેખક, વક્તા અમી ગણાત્રા એનિમલ હેલ્પલાઈનની મુલાકાતે આવ્યા

## જીવદયા વિષે પ્રેરક વાતોનું આદાન પ્રદાન થયું

## મનુષ્યની જેમ પશુ, પક્ષી, પ્રાણીઓને પણ જીવવાનો અધિકાર છે – અમીબેન ગણાત્રા

પ્રસિદ્ધ લેખિકા, વક્તા, યોગ પ્રશિક્ષક, IIM નાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની સુશ્રી અમીબેન ગણાત્રા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇન - રાજકોટની મુલાકાતે આવ્યા હતા. સુશ્રી અમીબહેને જીવદયાને લગતી અવનવી વાતો કરી સાથે આપણા પ્રાચીન ગ્રંથોમાં તેમજ અર્થશાસ્ત્રમાં જીવદયાનું શું મહત્વ છે એ જણાવ્યું હતું.



આપણી સંસ્કૃતિમાં જે સ્થાને માણસ છે એ જ સ્થાને બધા પશુ,પક્ષી, પ્રાણી છે. માણસ ઉપર અને બાકી બધા નીચા સ્તરે નથી. મહાભારતનાં સમયે જયારે પાંડવોનો વનવાસ ચાલી રહ્યો હતો એ સમયે પાંડવો જે વનમાં રહેતા હતા ત્યાં ઘણા લોકો તેમને ત્યાં મહેમાન થઈને આવતા હતા. તેમને સાચવવા, ભોજન કરાવવા માટે બળતણ, લાકડા અને અન્ય ઘણી ચીજવસ્તુઓ જોઈતી હતી. જેનાં કારણે જંગલની જીવ સૃષ્ટિને ઘણું નુકસાન થઈ રહ્યું હતું. આ કારણે ધર્મરાજ યુધિષ્ઠિરનાં સ્વપ્નમાં એક વખતે જંગલનો એક હરણ આવ્યો અને તેણે ધર્મરાજ યુધિષ્ઠિરને થોડા સમય માટે તેમની સંતતિ જળવાય રહે તે માટે જંગલ છોડીને જવા વિનંતી કરી અને ફક્ત એક સ્વપ્ન પર તેમણે પોતાના ભાઈઓ અને પત્ની દ્રૌપદી સાથે એ વન છોડી દીધું અને બીજે રહેવા ચાલ્યા ગયા. એવી જ રીતે અર્થશાસ્ત્રમાં ચાણક્ય એ કહ્યું છે કે જયારે કોઈ વિના વાંકે પશુ, પક્ષી, પ્રાણીઓને હાનિ પહોંચાડે છે તો તે દંડને પાત્ર છે.

પહેલાનાં સમયમાં કોઈ પોતાના ઘરમાં ગાય રાખે છે અને એ ગાય જો પાડોશીનાં ઘરમાં જતી રહે છે તો પાડોશીને જે તે પશુને પોતાના ઘરથી બહાર કાઢવાનો પણ હક મળતો ન હતો. તેનાં માલિકને બોલાવીને ખુબ જ શાંતિથી પશુ ને કોઈ પણ જાતની ઈજા કર્યા વગર પોતાના પશુને લઈ જવું એવું કેહવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં પ્રકૃતિ પૂજા અને પશુ પૂજા વિષે લખ્યું છે અને આજે પણ લોકો એ કરે છે.

આવી જ જીવદયાને લગતી અનોખી વાતો અમીબહેને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ સાથે કરી હતી.

તેમણે જે લોકો ખુબ જ ખંતથી જીવદયા કરે છે તેમને અભિનંદન આપ્યા હતા અને જેઓ જીવદયા નથી કરતા તો કમ સે કમ અહીં સૃષ્ટિમાં જેમ માણસ જીવે છે તેમ અન્ય જીવોને પણ સાથે રહેવાનો અધિકાર છે તેથી તેમને હેરાન તો ન જ કરવા જોઈએ એવો સંદેશ આપ્યો હતો.

# પોલીસ કસ્ટડીમાં યુવકના મોત બાદ હંગામો, ૪ જિલ્લામાં ફોર્સ તૈનાત; ૯ જવાન સસ્પેન્ડ

કાનપુર,તા.૧૩

ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત જિલ્લામાં પોલીસ કસ્ટડીમાં યુવકના મોતની ઘટનાને પગલે વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ છે. હંગામાની આશંકાને કારણે ઈટાવા, કાનપુર, ઔરૈયા અને કન્નૌજ જેવા સ્થળોની પોલીસ અને પીએસી કાનપુરના ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી ગઈ છે. જિલ્લાની પોલીસ ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને જોતા એસપીએ શિવલી કોટવાલ રાજેશ સિંહ, એસઓજી ઈન્ચાર્જ પ્રશાંત ગૌતમ, મૈથા ચોકીના ઈન્ચાર્જ જ્ઞાન પાંડે અને એસઓજી ટીમ સહિત ૯ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે જ રાજ્યકક્ષાના મંત્રી પ્રતિભા શુક્લા પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘટના અંગે પૂછપરછ કરી હતી.

તમને જણાવી દઈએ કે, શિવલી પોલીસ સ્ટેશન વિસ્તારના સરૈયા ગામમાં આ મહિને ૬ ડિસેમ્બરે ચંદ્રભાન સિંહ નામના વેપારીને લૂંટવામાં આવ્યો હતો. ચંદ્રભાન મૈથા માર્કેટમાં તેમની દુકાન બંધ કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલા ૬ બાઈક પર આવેલા બદમાશોએ ઘરેણાં સહિત આશરે ૪.૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. વિરોધ કરવા બદલ ચંદ્રભાનને પણ માર મારવામાં આવ્યો હતો. ઘટનાના ખુલાસા માટે કોટવાલી શિવલી અને એસઓજી સહિત ૪ ટીમો બનાવવામાં આવી હતી. દરમિયાન સોમવારે પોલીસે ચંદ્રભાનના ભત્રીજા બળવંત સહિત ૫ લોકોને પૂછપરછ માટે ઝડપી લીધા હતા.પોલીસ કસ્ટડીમાં લીધાના થોડા કલાકો બાદ જ બળવંતની તબિયત લથડી હતી. ઉતાવળમાં પોલીસ તેને જિલ્લા હોસ્પિટલમાં લાવી, પરંતુ અહીં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. પોલીસે પરિવારજનોને જાણ કરી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ હાઉસ લઈ ગયા. ઘટનાની જાણ થતા સગાસંબંધીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા. પોસ્ટ મોર્ટમ હાઉસમાં પરિજનોએ હોબાળો મચાવ્યો હતો. બળવંતની લાશ લઈને પરિવાર ભાગી ગયો હતો. આ દરમિયાન પરિવારના સભ્યો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. મૃતક બળવંતના મોટા ભાઈ સચિને પોલીસ પર બળવંતને માર મારવાનો આરોપ લગાવ્યો હતો.બીજી તરફ એસપીએ શિવલી કોટવાલ રાજેશ સિંહ, એસઓજી ઈન્ચાર્જ પ્રશાંત ગૌતમ, મૈથા ચોકીના ઈન્ચાર્જ જ્ઞાન પાંડે અને એસઓજી ટીમ સહિત ૯ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. પોલીસ કસ્ટડીમાં યુવકના મોત બાદ ગામમાં તણાવને જોતા શિવલીમાં ઈટાવા, કાનપુર, ઔરૈયા, કન્નૌજ જેવા સ્થળોની પોલીસ અને પીએસી તૈનાત કરવામાં આવી છે. જિલ્લાની પોલીસ ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે.એસપીએ જણાવ્યું હતું કે મૃતકના સંબંધીઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ધ્યાનમાં લઈને, એસઓજી ટીમ, મૈથા ચોકીના ઈન્ચાર્જ અને પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને આ ખુલાસો માટે તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલાની તપાસ માટે એક ટીમ બનાવવામાં આવી છે.

# ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી તેજસ્વીના નેતૃત્વમાં લડાશે, પીએમ પદનો ઉમેદવાર નથી : નીતિશકુમાર

પટણા,તા.૧૩

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે મોટી જાહેરાત કરી છે. બિહારના સીએમ નીતિશ કુમારે જાહેરાત કરતા કહ્યું છે કે, વર્ષ ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી તેજસ્વી યાદવના નેતૃત્વમાં લડવામાં આવશે.આ સાથે મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ સ્પષ્ટ કર્યું કે, તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નથી. અમે બધા માત્ર ભાજપને હટાવવા માંગીએ છીએ. આ સાથે સીએમ નીતીશે સભામાં નશાબંધીને લઈને થઈ રહેલી બયાનબાજી પર પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે વિધાયક દળના નેતા અજીત શર્મા અને અન્ય ધારાસભ્યોને પણ સલાહ આપી હતી.સીએમ નીતીશે કહ્યું, 'જે લોકો નશાબંધી પર વાહિયાત વાતો કરી રહ્યા છે, શું તેઓ નથી જાણતા કે તમામની સહમતિ પછી પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો હતો. નિષેધ પર વાહિયાત વાતો કરતાં તેને અસરકારક કેવી રીતે બનાવી શકાય તેના પર કામ કરવું વધુ સારું છે.મહાગઠબંધન ધારાસભ્ય દળની બેઠક પૂરી થયા બાદ મુખ્યમંત્રી નીતિશ કુમારે આ ચોંકાવનારું અને મોટું નિવેદન આપ્યું છે. સીએમ નીતિશે અચાનક એનડીએ છોડીને મહાગઠબંધન સાથે સરકાર બનાવવાની જાહેરાત કરી હતી. જેના કારણે બિહારના રાજકારણમાં ભૂકંપ આવી ગયો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એકવાર આવી વાત કહી છે, જેનાથી રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી શકે છે.

### આયુષ મંત્રાલય, ભારત દ્વારા ૯મી વર્લ્ડ આયુર્વેદ કોન્ફરન્સનું તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ, ગોવા ખાતે આયોજન કરાયું

# પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ "પશુ આયુર્વેદ ચિકિત્સા" અંગે પોતાનું માર્ગદર્શન આપ્યું.



આયુષ મંત્રાલય, ભારત દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઞ)ની શરૂઆત વર્ષ ૨૦૦૨માં કરવામાં આવી છે. આયુર્વેદ સાથે સંકળાયેલ વ્યક્તિ , સંસ્થા , ફેકલ્ટી, વિદ્યાર્થીઓ અને જનતાને એકબીજા સાથે જોડી, વિચારોનું આદાન પ્રદાન કરી આયુર્વેદ સેક્ટરનો વિકાસ માત્ર ભારત માં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં થાય તેવો ઉમદા ઉદેશ્ય છે. પ્રથમ કોન્ફરન્સનું આયોજન કેરાલાનાં કોચિ ખાતે કરવામાં આવ્યું હતું. દર વર્ષે વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઞ)નું આયોજન ભારતનાં અલગ અલગ શહેરોમાં કરવામાં આવે છે. આ વર્ષે ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઞ)નું આયોજન તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ, ગોવા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦૦થી પણ વધારે ભારતીય પ્રતિનિધિઓ, ૪૦૦થી વધારે અન્ય દેશોના પ્રતિનિધિઓ અને ૪૫થી પણ વધારે દેશોએ ભાગ લીધો હતો. ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઞ)ની થીમ 'આયુર્વેદ ફોર વન હેલ્થ' હતી. 'આયુર્વેદ ફોર વન હેલ્થ'ની થીમ દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસે (ઉછઞ) પ્રાણી, પર્યાવરણ અને માનવ પરના આરોગ્ય જોખમોને સંબોધવા માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડયુ છે. સ્થાનિક, રાજકીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આયુર્વેદ દ્વારા રોગનું નિદાન, નિરાકરણ, દેખરખ ધ્યેય સાથે આ ચાર દિવસીય કોન્ફરન્સમાં વિવિધ સેમિનાર તેમજ માર્ગદર્શિય સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આયુર્વેદની આરોગ્ય અને પર્યાવરણ પર અસરો, આયુર્વેદ દ્વારા રોગનું નિરાકરણ, આયુર્વેદની સંશોધન પદ્ધતિઓ, આયુષ આહાર, આયુર્વેદિક ટેકનોલોજી જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન લક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ, ય્ઞૈં (ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ)નાં સ્થાપક ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા એ "પશુ આયુર્વેદ ચિકિત્સા" અંગે પોતાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમની સાથેના પ્રતિનિધિ મંડળમાં રાજકોટથી ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર મિતલ ખેતાણી અને દિલ્હીથી ય્ઞૈંનાં જનરલ સેક્રેટરી પુરીશ કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ડો.વલ્લભભાઈ કથિરીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવનારા ૨૫ વર્ષ આઝાદીના અમૃતકાલને ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા છે, આ વર્ષોમાં ભારતની સંસ્કૃતિ, વારસો, યોગ, આયુર્વેદ, બૌધિક સંપદા, જીવ વૈવિધતા અને આધ્યાત્મિકતા વિશ્વ મંચ પર ઉજાગર કરીને વિશ્વને ભારતના મહાત્મ્યથી માહિતગાર કરવાના છે. જેમાં દરેક ભારતીયનું યોગદાન ખૂબ મહત્વનું છે. ડો.વલ્લભભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિને વિશ્વ મંચ પર લઈ જવા માટે આપણી સંસ્કૃતિને ઓળખીને અપનાવવાની જરૂર છે. આયુર્વેદની વિવિધ શાખાઓને જાણીને આયુર્વેદને માનવમાં વનસ્પતિ અને પશુ ચિકિત્સામાં વિકસાવવાની જરૂર છે. જેના માટે ભારતમાં બનેલા આયુર્વેદિક સંશોધન કેન્દ્રને એકબીજા સાથે જોડવાની જરૂર છે.

આ સાથે, આપણે આયુર્વેદ ક્ષેત્રના વિકાસ સાથે તમામ મંત્રાલયોને જોડીને આયુર્વેદમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકીએ છીએ. પશુ આયુર્વેદ નીતિ વિશે માર્ગદર્શન આપતા ડો.વલ્લભભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે આ બાબતે આપણે આપણી રૂઢીગત માન્યતાઓ અને લઘુગ્રંથી બદલવાની જરૂર છે. આયુર્વેદના ક્ષેત્રના વિકાસ માટે સંશોધનને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ભારતીય કોઠાસૂઝ અને દેશી પરંપરાગત પદ્ધતિઓને પંચગવ્ય અને આયુર્વેદ સાથે મળી પશુઓ અને ગૌમાતાના આરોગ્યની સંભાળ, સામાન્ય બીમારોની સારવાર અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવાની અદભુત સમતા છે. આ પદ્ધતિઓ સરળ, સુલભ, લોકભોગ્ય અને સસ્તી પણ છે. વિવિધ આયુર્વેદ ફાર્મા કંપનીઓને પણ પશુઓ માટે પશુ આયુર્વેદ દવાના મેન્યુફેક્ચરીંગ માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમના માર્ગદર્શનના અંતે તેમણે કહ્યું કે આપણે આપણા દેશે આપણા માટે શું કર્યું તે ન પૂછવું જોઈએ, પરંતુ આપણે આપણા દેશ માટે શું કર્યું તે વિચારવું જોઈએ.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર તાંબુ, એલ્યુમિનિયમ અને સીસાના વાયદાઓમાં સુધારોઃ જસત નરમ

## સોનાનો વાયદો રૂ.૧૮૪ અને ચાંદીનો વાયદો રૂ.૫૦૮ વધ્યોઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસ, કોટન, મેન્થા તેલમાં સાર્વત્રિક વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૦૨૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૭૪૧૦ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૨૨,૯૧૯ સોદાઓમાં કુલ રૂ.૨૫,૪૫૬.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૦૨૪.૭૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૭૪૧૦.૩૯ કરોડનો હતો.



એમસીએક્સ પર કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૬૫,૫૫૦ ... રૂ.૩,૭૨૯.૭૪ ... થયાં હતાં. સોના... એમસીએક્સ સો... વાયદો ૧૦ ગ્રા... શરૂઆતમાં રૂ.૫૪... ખૂલી, દિવસ દર... રૂ.૫૪,૩૩૨ ... રૂ.૫૪,૧૩૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૪ વધી રૂ.૫૪,૩૧૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૫ વધી રૂ.૪૩,૫૩૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૫,૩૪૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૮૭૫ના ભાવે ખૂલી, રૂ.૧૮૦ વધી રૂ.૫૩,૯૭૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૦૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૩૪૫ અને નીચામાં રૂ.૬૭,૯૮૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૦૮ વધી રૂ.૬૮,૨૯૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૪૬૮ વધી રૂ.૬૮,૨૩૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૩૩ વધી રૂ.૬૮,૨૧૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૯૦૯ સોદાઓમાં ... કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૭,૦૩૩ સોદાઓમાં કુલ રૂ.૨,૬૬૨.૩૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૧૩૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૭૫ અને નીચામાં રૂ.૬,૧૦૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૬ વધી રૂ.૬,૧૩૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૭૦ વધી રૂ.૫૬૬.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૮૭ સોદાઓમાં રૂ.૩૫.૨૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૧૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧,૫૫૦ અને નીચામાં રૂ.૩૧,૦૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૦ વધી રૂ.૩૧,૪૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ...કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ ...વધી રૂ.૯૯૮.૩૦ થયો ...

...કાજની દૃષ્ટિએ ...ક્સ પર કીમતી ... સોનાના વિવિધ ...માં રૂ.૧,૪૧૩.૧૫ ...૬૦૬.૫૪૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૩૧૬.૫૯ કરોડનાં ૩૩૯.૬૪૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૧૨.૧૨ કરોડનાં ૧૯,૭૨,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૫૦ કરોડનાં ૨૬૦૧૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૭.૧૪ કરોડનાં ૮૬૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૦૬ કરોડનાં ૮૦.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૬૭.૨૫૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૮૯.૭૨૪ ટન, ક્રૂડ તેલમાં ૧૭૦૩૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૫૦૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૩૬૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૧.૩૧ કરોડનાં ૨૮૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૫,૧૪૭ના સ્તરે ખૂલી, ૫૬ પોઈન્ટ વધી ૧૫,૧૮૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૭,૪૧૦.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૯.૬૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૭.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪,૫૩૮.૮૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૪૫૩.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૧૭.૭૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫ અને નીચામાં રૂ.૯૫ રહી, અંતે રૂ.૯.૯૦ વધી રૂ.૧૦૩.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬ અને નીચામાં રૂ.૧૭.૮૦ રહી, અંતે રૂ.૨.૪૦ વધી રૂ.૨૫.૪૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૯ અને નીચામાં રૂ.૩૭૮ રહી, અંતે રૂ.૬૩ વધી રૂ.૪૨૬ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૪૪ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૯૦ અને નીચામાં રૂ.૧,૮૪૩ રહી, અંતે રૂ.૧૬૫ વધી રૂ.૧,૯૪૫.૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૮૭ રહી, અંતે રૂ.૭૧.૫૦ વધી રૂ.૪૪૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૫.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૩.૮૦ અને નીચામાં રૂ.૧૦૦.૬૦ રહી, અંતે રૂ.૨૪.૬૦ ઘટી રૂ.૧૧૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫.૪૫ અને નીચામાં રૂ.૧૨.૦૫ રહી, અંતે રૂ.૧ ઘટી રૂ.૧૨.૭૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૧ અને નીચામાં રૂ.૬૧૪ રહી, અંતે રૂ.૫૮ ઘટી રૂ.૬૨૧ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨ અને નીચામાં રૂ.૨૨ રહી, અંતે રૂ.૧.૫૦ વધી રૂ.૨૫.૫૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૫૩.૫૦ અને નીચામાં રૂ.૧,૨૬૫ રહી, અંતે રૂ.૧૧૫ ઘટી રૂ.૧,૨૯૩.૫૦ થયો હતો.




પ્રગતિ મિત્ર મંડળ –''શક્તિ મહિલા'' વિભાગના ઉપક્રમે ''જ્ઞાન સાથે ગમ્મત''નો કાર્યક્રમશ્રી ટી. પી. ભાટીયા સાયન્સકૉલેજ (કે.ઈ.એસ.) ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ''મ્યુઝિકલ હાઉસી'' રમાડવામાં આવી હતી. બહેનોએ બહોળી સંખ્યામાં હાજર રહી ઉમંગભેર ગીતોની રમઝટ બોલાવી કાર્યક્રમને દિલથી માણ્યો હતો.

આ પ્રસંગે પ્રમુખ મુકેશભાઈ દોશી, ટ્રસ્ટી અનંતરાય મહેતા અને પૂર્વ પ્રમુખ વસંતભાઈ શાહ હાજર રહી દિવાળી / નૂતનવર્ષની શુભકામના આપી હતી અને હાજર મહિલાઓને એમના ઉત્સાહ બદલ બીરદાવ્યા હતાં.

ચેર પર્સન મીનાબેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું. કો-ચેરપર્સન હર્ષદાબેન મહેતા, શિલ્પાબેન રાજ્યગુરૂ તેમજ પૂર્વ ચેરપર્સન રંજનબેન ભુતાના સાથ અને સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# 'તિરુપતિ મંદિરમાંનો ભ્રષ્ટાચાર અને અવૈધ ચર્ચ નિર્માણ કેવી રીતે રોકશો ?' આ વિષય પર વિશેષ સંવાદ !

## હિંદુઓ સંગઠિત થશે તો તિરુપતિ સહિત અનેક મંદિરો સરકારીકરણમાંથી મુક્ત થશે ! - શ્રી. બી.કે.એસ્.આર્ અય્યંગાર

તિરુપતિ દેવસ્થાન સરકારના નિયંત્રણ હેઠળ આવ્યા પછી પહેલાંથી જ સરકાર માટે કામ કરી રહ્યું છે અને અત્યારે પણ તેમ જ કરી રહ્યું છે. અહીંના ઐતિહાસિક, ધાર્મિક મહત્ત્વ રહેલા તિરુપતિ દેવસ્થાન પાસેના બાંધકામો તોડવામાં આવ્યા. અહીંની ધાર્મિક પરંપરાઓ બંધ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યા. સરકાર નિયંત્રિત મંદિર સમિતિને હિંદુઓની ધાર્મિક લાગણીઓ સાથે કાંઈ લેવાદેવા નથી. હિંદુઓએ આત્મવિશ્વાસ ગુમાવ્યા વિના પોતાના ધર્મબંધુઓમાં જાગરુકતા નિર્માણ કરવી જોઈએ. હિંદુઓના મંદિરો તાબા હેઠળ લેવા વિશે વિવિધ ન્યાયાલયોએ હિંદુઓની બાજુએ આપેલા ચુકાદાઓનો હિંદુઓએ અભ્યાસ કરવો જોઈએ. હિંદુ સંગઠિત થાય તો તિરુપતિ સહિત અનેક મંદિરો



સરકારીકરણમાથી મુક્ત થશે, એવું પ્રતિપાદન પત્રકાર, સામાજિક કાર્યકર્તા તેમજ માહિતી-અધિકાર કાર્યકર્તા શ્રી. બી.કે.એસ્.આર્. અય્યંગારે કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ આયોજિત 'તિરુપતિ મંદિરમાનો ભ્રષ્ટાચાર અને અવૈધ ચર્ચ નિર્માણ કેવી રીતે રોકશો ?' આ વિષય પર આયોજિત 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા. તેલગંણા ખાતેના 'ખ્રિશ્ચન સ્ટડીઝ'ના અધ્યયનકર્તા ઈસ્ટર ધનરાજે કહ્યું કે, તિરુપતિ દેવસ્થાનમાં ખ્રિસ્તી પંથની વ્યક્તિઓ કારભાર ચલાવીને ગેરપ્રકાર આદરી રહી છે. તેઓને કાઢી મૂકવા જોઈએ. નિયોજનબદ્ધ રીતે હિંદુઓના દેવસ્થાનમાં ઘૂસખોરી કરીને તેઓ હિંદુઓના દેવસ્થાનો નષ્ટ કરી રહ્યા છે. આ બધુ થોભાવવા માટે હિંદુઓએ સતર્ક રહીને તેનાં ભણી ધ્યાન આપવા માટે એક સમિતિની સ્થાપના કરવી જોઈએ. તે માટે કાયદાઓ અતિશય કઠોર હોવા આવશ્યક છે અને બંધારણમાંની કેટલીક ધારાઓમાં પણ પાલટ થવો આવશ્યક છે. વિવિધ હિંદુત્વનિષ્ઠ સંગઠનોના સંગઠિત નેતૃત્વથી આ પરિસ્થિતિમાં નક્કી જ પાલટ થશે, એવો મને વિશ્વાસ છે, એમ પણ ઈસ્ટર ધનરાજે કહ્યું.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# પોલીસ મારા ખિસ્સામાં છે' કહી ગુંડાગીરી કરતો રાણો રાણાની રીતે વાળો દેવાયત ક્યાં

રાજકોટ,તા.૧૩

સાહિત્યકાર તરીકે લોકો જેને સન્માન આપે છે એવા લોકો જ આજકાલ દારૂ પીને, નશો કરીને સામાન્ય લોકોને હેરાન પરેશાન કરતા હોવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે. છતાંય મંત્રી, સંત્રી અને પોલીસ પણ તેમનું કંઈ બગાડી શકતી નથી. એક યુવક પર જાહેરમાં જીવલેણ હુમલો કરીને ફરાર થઈ જનારો રાણો રાણાની રીતે વાળો દેવાયત ખવડ તેનો મારામારીનો વીડિયો વાયરલ થયા બાદ છેલ્લાં કેટલાંક દિવસોથી ગાયબ છે. જોકે, હજુ તે પોલીસ અધિકારીઓના પરિવાર માટે બર્થ-ડે વિશ કરીને વીડિયો બનાવીને મોકલે છે પણ પોલીસ ગિરફતમાં આવતો નથી.દેવાયત ખવડ અને તેના સાથીદારોએ મળીને એક યુવક પર અગંત અદાવત રાખીને જીવલેણ હુમલો કર્યો હતો. જોકે, આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ કલાકાર કલાકારી કરીને ફરાર થઈ ગયો છે. રાણો રાણાની રીતે...શબ્દ કહીને ફેમસ થનારો રાણો હાલ ક્યાં ખોવાણો છે એ મોટો પ્રશ્ન છે. ફરાર દેવાયત ખવડની પોલીસ સાથે સાંઠગાંઠ છે, ખવડ પોલીસને પૈસા ખવડાવીને ક્યાંક સંતાઈ રહ્યો હોવાનો ઈજાગ્રસ્ત મયુરસિંહના પરિવારનો આક્ષેપ છે. એક તરફ તે ઉચ્ચ પોલીસ અધિકારીના પુત્ર માટે બર્થ-ડે વિશ માટે વીડિયો બનાવીને મોકલે છે અને બીજી તરફ તેની તપાસ કરી રહેલી પોલીસને તે મળતો નથી ગજબની વાત છે.

લોક સાહિત્યકાર દેવાયત ખવડ સાત દિવસથી પોલીસથી નાસતો ફરે છે. જોકે રાજકોટના તત્કાલીન પીઆઈના પુત્રને વિડીયો મેસેજ દ્વારા બર્થ-ડે વિશ કરતા નવો વિવાદ શરૂ થયો છે. આજે ઈજાગ્રસ્ત મયુરસિંહ રાણાના પરિવારજનો દ્વારા પત્રકાર પરિષદ કરી પોલીસ તપાસ સામે સવાલો ઉઠાવ્યા હતા. ગત ૭ ડીસેમ્બરના રાજકોટના સર્વેશ્વર ચોક નજીક લોક સાહિત્યકાર દેવાયત ખવડે બિલ્ડર મયુરસિંહ રાણા પર પાઈપ વડે હુમલો કર્યો હતી. રાજકોટ એ-ડિવિઝન પોલીસે હત્યાના પ્રયાસની કલમ હેઠળ દેવાયત ખવડ સહિત ૩ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. સાત દિવસ વીતી ગયા છતાં દેવાયત ખવડની ધરપકડ કરવામાં પોલીસને સફળતા મળી નથી. ત્યારે આજે ઈજાગ્રસ્ત મયુરસિંહ રાણાના કૌટુંબિક ભાઈ પ્રદીપસિંહ ઝાલાએ પત્રકાર પરિષદ કરી હતી. જેમાં પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા. પ્રદીપસિંહ ઝાલાએ કહ્યું હતું કે, મોડી રાત સુધી દેવાયત ખવડના ઘરે પોલીસની ઝઈ વાન અને જીપ ઉભી રહેતી હતી. ફૂલ સાઉન્ડ ડાયરાઓ ઘરે કરતો હતો. જેને કારણે સોસાયટીના લોકો પણ ત્રાસી ગયા છે. એટલું જ નહીં દેવાયત ખવડની પોલીસ સાથે સાંઠગાંઠ હોવાથી પોલીસ કાર્યવાહી ન કરતી હોવાનો આરોપ લગાવ્યો હતો. ''પોલીસ મારા ખિસ્સામાં છે'' તેવા શબ્દો દેવાયત ખવડ સોસાયટીમાં અવાર નવાર બોલતો હતો. લોક સાહિત્યકાર દેવાયત ખવડ જાણીતો ચહેરો છે ડાયરામાં ''રાણો રાણાની રીતે'' શબ્દ થી ખૂબ જ પ્રચલિત છે. પરંતુ સાત દિવસ થી પોલીસ થી ફરાર છે. રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઈ કે. એ. વાળા કે જે હાલ મોરબી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યા છે. જેના પુત્રના બર્થ ડેના દિવસે દેવાયત ખવડે શુભેચ્છા આપતો વિડીયો મેસેજ કે. એ. વાળાને મોકલ્યો હતો. પીઆઈ દેવાયત ફરાર હોવાનું જાણતા હોવા છતાં વોટ્સએપ સ્ટેટ્સમાં મુક્યો હતો અને નવો વિવાદ શરૂ થયો છે. આરોપીની દેવાયત ખવડ સાત દિવસ થી પોલીસ શોધખોળ કરે છે તે પોલીસ વિભાગના જ પીઆઈના સંપર્કમાં છે. છતાં પોલીસ શોધખોળ કરી શકતી નથી.તમામ ઘટનાક્રમની વચ્ચે મયુરસિંહ રાણાના પરિવારજનો દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં મયુરસિંહ રાણાના પિતરાઈ ભાઈ પ્રદીપસિંહ ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, દેવાયત ખવડને પોલીસ સાથે સાંઠગાંઠ છે. પોલીસ મારા ખિસ્સામાં છે તેવી દેવાયત ખવડ અને તેના ભાઈઓ દ્વારા વાત કરવામાં આવે છે. જો આગામી ૪૮ કલાકમાં દેવાયત ખવડને પકડવામાં નહીં આવે તો મયુરસિંહ રાણા અને પરિવાર દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આગામી દિવસોમાં જો દેવાયત ખવડને પકડવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશે.

# એસીબી સફળ ટ્રેપ

ફરીયાદીઃ એક જાગૃત નાગરીક

આરોપીઃ અનિલ કુમાર રામઆશરે શુક્લા, ઉ.વ. ૫૨, ધંધો- નોકરી અનાર્મ એ.એસ.આઇ., વર્ગ-૩, નારણપુરા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

ટ્રેપની તારીખ :
૧૩/૧૨/૨૦૨૨

લાંચની માંગણીની રકમઃ
રૂ. ૫૦,૦૦૦/-

લાંચની સ્વીકારેલ રકમ :
રૂ. ૫૦,૦૦૦/-

લાંચની રીકવર કરેલ રકમ :
રૂ. ૫૦,૦૦૦/-

ટ્રેપનુ સ્થળઃ
નારણપુરા પોલીસ સ્ટેશનની સામે ફુટપાથ ઉપર

ટુંક વિગતઃ

આ કામે હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીનો તા. ૨૬/૧૦/૨૦૨૨ ના રોજ અન્ય વ્યક્તીઓ સાથે ઝઘડો થયેલ તે બાબતે આ કામના ફરીયાદીએ તા. ૦૨/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદ આપેલ અને ફરીયાદીના સામા વાળાએ તા. ૧૩/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદી વિરૂધ્ધ ફરીયાદ આપેલ. જે ફરીયાદીના સામાવાળાઓ પોલીસ સ્ટેશન હાજર થઇ જામીન મેળવી લીધેલ. ત્યારબાદ આ કામના આરોપીએ તેઓના મોબાઈલથી ફરીયાદીને ફોન કરેલ અને કહેલ તારા વિરૂધ્ધ ફરીયાદ થયેલ છે. જેથી પોલીસ સ્ટેશન આવી મને મળવુ ત્યારે ફરીયાદી તેમને મળવા જતા આરોપીએ જણાવેલ કે, તારે લોકઅપમાં ના રહેવુ હોય અને માર નહી ખાવો હોય તેમજ બારોબાર કોર્ટમાં રજુ થવુ હોય તો તારે રૂ. ૫૦,૦૦૦/- આપવા પડશે. જેથી આ કામના ફરીયાદીએ આરોપી સાથે મોબાઈલ ઉપર હેતુલક્ષી વાતચીત કરેલ ત્યારે આરોપીએ લાંચના નાણાની માંગણી કરેલ, જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી એ.સી.બી.નો સંપર્ક કરી ફરીયાદીએ ફરીયાદ આપતા આજરોજ લાંચનુ છટકુ ગોઠવતા આરોપી લાંચ પેટે રૂ. ૫૦,૦૦૦/- લાંચની રકમ પંચ રૂબરૂ સ્વીકારી પકડાઇ ગયેલ છે.

નોધ : ઉપરોક્ત આરોપીને એ.સી.બી.એ ડીટેન કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

ટ્રેપિંગ અધિકારીઃ
શ્રી આર.આઇ.પરમાર, પો.ઇન્સ.
અમદાવાદ શહેર એ.સી.બી. પો.સ્ટે.
તથા એ.સી.બી. ટીમ

સુપર વિઝન અધિકારી :
શ્રી કે.બી. ચુડાસમા,
મદદનિશ નિયામક,
એ.સી.બી. અમદાવાદ એકમ,
અમદાવાદ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યાલયમાં પુજા કરીને આજથી પોતાનો પદભાર સંભાળ્યો, અન્ય મંત્રીઓએ પણ કાર્યભાર સંભાળી લીધો

ગાંધીનગર,તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવીને સતત બીજીવાર મુખ્યમંત્રીપદનો કાર્યભાર મંગળવારે તા. ૧૩મી ડિસેમ્બરે સવારે શુભ મૂહુર્તમાં વિધિવત સંભાળ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં ભૂપેન્દ્ર પટેલે સીમંધર સ્વામીની મૂર્તિ તથા પૂજ્ય દાદા ભગવાનના શ્રીચરણોમાં ભાવપૂષ્પ અર્પણ કરીને રાજ્યનું જનસેવા દાયિત્વ આજથી સંભાળી લીધું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય મંત્રીમંડળના નવનિયુક્ત મંત્રીઓ પણ પૂજન-અર્ચનમાં સહભાગી થયા હતા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સમગ્ર મંત્રીમંડળે સહુજન હિતાય-સહુજન સુખાયની ખેવના તેમ જ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ધ્યેયમંત્ર સાથે આજે મંગળવાર તા. ૧૩મી ડિસેમ્બરથી જ પોતાના પદભાર સંભાળ્યા છે. મુખ્યમંત્રીએ નવનિયુક્ત સૌ મંત્રીઓને તેમની કેબિનમાં જાતે મળવા ગયા અને શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજ્યના ઉત્તરોત્તર અવિરત વિકાસમાં તેમનું યોગદાન મળતું રહે તેવી મંગળ કામનાઓ વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રી ઉપરાંત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ તથા કનુભાઈ દેસાઈ અને ડો. કુબેર ડિંડોર સ્વર્ણિમ સંકુલમાં ચેમ્બર નંબર ૧માં કાર્યભાર સંભાળ્યો હતો જયારે રાઘવજી પટેલ ચેમ્બર નંબર ૨માં કાર્યભાર સંભાળ્યો હતો બળવંત સિંહ રાજપૂત તથા ભાનુબેન બાબરિયા ચેમ્બર નંબર ૩માં કાર્યભાર સંભાળ્યો હતો કુંવરજી બાવળિયા ચેમ્બર નંબર ૪માં, મૂળૂ બેરા ચેમ્બર નંબર ૫માં પોતાનો કાર્યકાળ સંભાળ્યો હતો. જયારે સ્વર્ણિમ સંકુલ ૨ માં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ચેમ્બર નંબર ૪માં, જગદીશ વિશ્વકર્મા ચેમ્બર નંબર ૨માં, પરષોત્તમ સોલંકી ચેમ્બર નંબર ૧ માં, બચુભાઈ ખાબડ ચેમ્બર નંબર ૩માં, મૂકેશ પટેલ ચેમ્બર નંબર ૧માં કાર્યભાર સંભાળ્યો હતો.

# ધારાસભ્યો ૧૯ ડિસેમ્બરે શપથ લેશે , ૨૦ ડિસેમ્બરે વિધાનસભાનું એક દિવસીય સત્ર મળશે

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અને અપક્ષના ઉમેદવારો ચૂંટાઇ આવ્યા છે. ત્યારે ચૂંટાયેલા આ પ્રતિનિધિઓ ૧૯ ડિસેમ્બરે ધારાસભ્ય પદના શપથ લેશે. પ્રોટેમ સ્પીકર યોગેશ પટેલ ધારાસભ્ય પદના શપથ લેવડાવશે. જે પછી ૨૦ ડિસેમ્બરે ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર મળશે. એક દિવસીય સત્રમાં વિધાનસભાના નવા અધ્યક્ષની વરણી થશે. અધ્યક્ષ તરીકે શંકર ચૌધરી, રમણ વોરા, ગણપત વસાવાના નામ ચર્ચામાં છે.

૧૯ અને ૨૦ ડિસેમ્બરે તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં રહેશે. તમામ ધારાસભ્યોની શપથવિધીનું આયોજન કરવામાં આવ્યુ છે. વિધાનસભાના હાઉસ આવેલા છે ત્યાં જ શપથવિધીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. પ્રોટેમ સ્પીકર આ શપથવિધી કરાવતા હોય છે. સામાન્ય રીતે પ્રોટેમ સ્પીકર એટલે કે ધારાસભ્યોમાં જે સિનીયર હોય છે,તે આ શપથવિધી કરાવે છે. એટલે ૧૯ ડિસેમ્બરે પ્રોટેમ સ્પીકર તરીકે યોગેશ પટેલ ધારાસભ્યોની શપથવિધી કરાવશે. તો સાથે જ સ્પીકરની વરણી કરવામાં આવતી હોય છે. વિધાનસભા અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીનું નામ મોખરે છે. વિધાનસભા અધ્યક્ષ તરીકે રમણ વોરા અને ગણપત વસાવા પણ રેસમાં છે. વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે જેઠા ભરવાડનું નામ ચર્ચામાં છે.વિધાનસભા અધ્યક્ષની જો વાત કરવામાં આવે તો તેમનું મહત્વ વિધાનસભા પુરતુ હોય છે. અથવા તો જ્યારે પણ પક્ષ પલટા થતા હોય છે, એક પક્ષમાંથી કોઇ અન્ય પક્ષમાંથી જતુ હોય એટલે કે તોડ જોડની જે રાજનીતિ થાય છે તે સમયે વિધાનસભા પદના અધ્યક્ષનું મહત્વ હોય છે. બાકી સમયમાં વિધાનસભા અધ્યક્ષનું મહત્વ નથી હોતુ. એટલે બાર મહિનામાં એક મહિનો વિધાનસભા અધ્યક્ષનું મહત્વ રહેતુ હોય છે. ત્યારે આ પદ માટે સૌથી મોખર શંકર ચૌધરીનું નામ ચાલી રહ્યુ છે.

શંકર ચૌધરીને જો વિધાનસભા અધ્યક્ષ બનાવવામાં આવે તો કહી શકાય છે કે તેમને કટ ટુ સાઇઝ કરવામાં આવ્યા, કેમ કે તે પોતે બનાસ ડેરીના ચેરમેન છે. તે ચૌધરી સમાજનો એક એવો ચહેરો છે જે આગળ ચાલતા હતા અને તે બનાસકાંઠાનુ સૌથી મોટુ માથુ છે. જો કે સમગ્ર ચૂંટણી દરમિયાન શંકર ચૌધરીના વિષયો આંખે ઉડીને આવેલા છે. પણ જો શંકર ચૌધરીને વિધાનસભાના અધ્યક્ષ તરીકે સ્થાન મળે તો તેમને કોઇ મોટુ સ્થાન મળ્યુ તેવુ ન કહેવાય. જો તેમનો સમાવેશ કેબિનેટ કક્ષામાં થાય ત્યારે તેમને મોટુ સ્થાન મળ્યુ તેવુ કહેવાઇ શકે છે. બીજી તરફ વિધાનસભા અધ્યક્ષ તરીકે રમણ વોરા અને ગણપત વસાવાનું નામ પણ ચાલી રહ્યુ છે. આ બંને પહેલા વિધાનસભાના સ્પીકર રહી ચુક્યા છે.તો વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે જેઠા ભરવાડનું નામ ચર્ચામાં છે.

# અમદાવાદમાં ઓરીના વધતા કેસ સામે એક્શન પ્લાન, ખાનગી ક્લિનિકમાં ફ્રી રસી અને બુસ્ટર ડોઝ આપવામાં આવશે,છેલ્લાં બે મહિનામાં ઓરીના ૩૦૦ કેસ

### ઓરીના કેસો વધતા અમદાવાદમાં છેલ્લાં ૨૦ દિવસમાં ૭૦ હજાર બાળકોને રસી આપવામાં આવી

અમદાવાદ,તા.૧૩

એક તરફ ભરશિયાળે ચોમાસા જોવું વાતાવરણ ઊભું થયું છે. ત્યાં બીજી તરફ અમદાવાદ સહિત ગુજરાતમાં ઓરીએ આતંક ફેલાવ્યો છે. ખાસ કરીને અમદાવાદના દવાખાનાઓ ઓરીના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. બાળકો સૌથી વધી આ રોગની ઝપેટમાં આવી રહ્યાં છે. આ સ્થિતિમાં તંત્ર દ્વારા ખાસ એક્શન પ્લાન પણ ઘઢી કાઢવામાં આવ્યો છે. જે અંતર્ગત ઓરીના કેસો વધતા અમદાવાદમાં છેલ્લાં ૨૦ દિવસમાં ૭૦ હજાર બાળકોને રસી આપવામાં આવી હતી.



છેલ્લાં બે મહિનામાં અમદાવાદ શહેરમાં ઓરીના ૩૦૦ કેસ નોંધાયા છે જ્યારે ચાલુ વર્ષે ઓરીના ૪૩૬ કેસ નોંધાયા હતા. ઓરીને કંટ્રોલમાં લેવા મ્યુનિ.એ ૨૦ દિવસમાં ૭૦ હજાર બાળકોનું વેક્સિનેશન કર્યાનો દાવો કર્યો છે. તેમજ કેન્દ્રની ટીમની સૂચના પ્રમાણે બુસ્ટરડોઝ આપવાની પણ તૈયારી શરૂ કરી છે. જ્યારે પીડીયાટ્રીક એસોસિએશનની મદદથી ૫૦ પ્રાઈવેટ ક્લિનીકમાં ઓરીની રસી નિશુલ્ક ઉપલબ્ધ કરાવાઇ હતી.

અમદાવાદ મનપાના જણાવ્યા અનુસાર, કેન્દ્રના આરોગ્ય વિભાગની ત્રણ સભ્યોની ટીમે પણ અમદાવાદના ઓરીગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈને બુસ્ટર ડોઝ આપવાની સલાહ આપી હતી. ઓરીના સૌથી વધુ કેસ દાણીલીમડા, બહેરામપુરા, સંકલિતનગર, સરખેજ,લાંભા, વટવા, જમલાપુર, દરિયાપુર, જુહાપુરા, ગોમતીપુરા, રખિયાલમાં નોંધાયા છે. તેમજ ૨૦ સપ્ટેમ્બરથી આંગણવાડીમાં જવાની સાથે મમતા દિવસ ઉજવી ૧૦ દિવસમાં ૧થી ૩ હજાર બાળકોનું રસીકરણ કરાયું હતું.ઓરીના કેસો વધતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પરિપત્ર કરી સ્કૂલોને જાણ કરી છે કે, જે વિદ્યાર્થીમાં ઓરીના લક્ષણો જોવા મળે તેને તુરંત આઈસોલેટ કરવામાં આવે તેમજ તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જાણ કરવામાં આવે. કારણ કે ઓરી ચેપી રોગ હોવાથી અન્યના સંપર્કમાં આવવાથી તુરંત જ ફેલાતો હોવાથી અધિકારીઓએ કાળજી રાખવાની સુચના આપી છે.

# આજથી નવી સરકાર એક્શન મોડમાંઃઆ વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટ યોજાશે નહીં, સતત બીજા વર્ષે ઈન્વેસ્ટર સમિટ રદ

ગાંધીનગર,તા.૧૩

સોમવારે ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે શપથ ગ્રહણ કર્યા હતા. ત્યાર બાદ કેબિનેટની બેઠક મળી હતી, જેમાં મંત્રીઓને તેમનાં ખાતાંની ફાળવણી કરાઈ હતી. ત્યારે આજે મંગળવારે ૧૩ ડિસેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલ પહોંચ્યા હતા. તેમણે મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ઉપરાંત તેમના મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લેશે. આ પહેલાં કુબેર ડિંડોરે ચાર્જ લીધો હતો. G-૨૦ સમિટ હોવાને કારણે વાઈબ્રન્ટ સમિટ યોજાશે નહીં. કોરોનાની ભીતિને કારણે વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરી માસમાં પણ વાઈબ્રન્ટ સમિટ રદ થઈ હતી.૨૦૦૩માં શરૂ થયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત' સમિટ દર બે વર્ષે યોજાતો ઉદ્યોગ મેળાવડો છે. અત્યારસુધીમાં નવ વખત 'વાઈબ્રન્ટ ગુજરાત' બિઝનેસ સમિટ યોજાઈ ચૂકી છે. જ્યારે જાન્યુઆરી ૨૦૨૨માં ૧૦મી સમિટ યોજાવાની હતી, જેના માટે મેગા સેલિબ્રેશનનો પ્લાન હતો. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશવિદેશના મહાનુભાવોને આમંત્રિત કરવાની યોજના હતી, પરંતુ ગુજરાતમાં કોરોનાની વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સમિટનું આયોજન નહીં કરવાનો નિર્ણય કર્યો હતો.

### ચૂંટણી કાર્યાલયોમાં ૧ કરોડના ચા-નાસ્તા થયાં

# અમદાવાદના તમામ ૨૪૯ ઉમેદવારોએ ચા-નાસ્તા, મંડપ, રેલી, વાહન, પેટ્રોલ પાછળ ૧૬.૨૦ કરોડનો ધુમાડો કર્યો

અમદાવાદ,તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અમદાવાદની ૧૬ અને જિલ્લાની ૫ મળી કુલ ૨૧ બેઠક પર કુલ ૨૪૯ ઉમેદવાર ચૂંટણી લડ્યા હતા. ભાજપ, કોંગ્રેસ અને છઁછ તેમ જ અપક્ષોના મળીને તમામ ઉમેદવારોએ ચા-નાસ્તા, મંડપ, રેલી, વાહન, પેટ્રોલ પાછળ કુલ રૂ.૧૬.૨૦ કરોડનો ખર્ચ કર્યો છે.

ચૂંટણી લડનારા ઉમેદવારોએ ચૂંટણીપ્રચારમાં કરેલો ખર્ચ ત્રણ તબક્કામાં કલેક્ટર સમક્ષ રજૂ કર્યા હતા, જેમાં ચૂંટણીનું ફોર્મ ભર્યું ત્યારથી આચારસંહિતા લાગુ પડી ત્યાં સુધીના તમામ ખર્ચાનો સમાવેશ થાય છે. ચૂંટણીપ્રક્રિયામાં જોડાયેલાં સૂત્રોના જણાવ્યા મુજબ, ચૂંટણી દરમિયાન શહેર-જિલ્લાની ૨૧ બેઠક પર ભાજપના ઉમેદવારોએ ૫.૨૫ કરોડ, કોંગ્રેસના ઉમેદવારોએ ૩.૫ કરોડ અને આપના ઉમેદવારોએ ૨.૧૦ કરોડ મળી અંદાજે ૧૦.૫૦ કરોડ અને બાકીના ઉમેદવારોએ ૫.૭૦ કરોડ મળી અંદાજે ૧૬.૨૦ કરોડ ખર્ચ કર્યો છે, જેમાં ૮ કરોડ જેટલો ખર્ચો રેલીઓ અને જાહેરસભા પાછળ કરવામાં આવ્યો હતો, જ્યારે એક કરોડ કરતાં વધારે ખર્ચો ચા-નાસ્તા પાછળ અને દોઢ કરોડ જેટલો ખર્ચ વાહન-પેટ્રોલ પાછળ કરાયો હતો.

ગુજરાતમાં તમામ રાજકીય પક્ષોએ રેલી, સભાનો અતિરેક કર્યો હતો અને આ પ્રચારમાં તોતિંગ ૮ કરોડનો જંગી ખર્ચ પણ કરવામાં આવ્યો છે. હવે ચૂંટણીપંચ આ ખર્ચનો હિસાબ કિતાબ માગશે, જે રજૂ કરવો પડશે. ચૂંટણીમાં સ્ટારપ્રચારક સાથે અને તેમના વગર યોજેલી સભા-રેલી, પોસ્ટર, હોર્ડિંગ્સ, વાહન સાથે પ્રચાર, પોલિંગ બૂથના કાર્યકરો પાછળ કરેલો ખર્ચ, ગુનાહિત ઈતિહાસ માટે આપેલી જાહેરાતનો ખર્ચ ઉપરાંત ઉમેદવારે પોતાનું ફંડ, પાર્ટી તરફથી મળેલું ફંડ અને દાનથી મળેલા ફંડની વિગતો પણ દર્શાવવાની રહેશે.

શહેર અને જિલ્લાના ૨૧ ઉમેદવાર દ્વારા રજૂ કરાયેલા ખર્ચની પાંચ તબક્કામાં ચકાસણી થશે, જેમાં પ્રથમ એકાઉન્ટિંગ ટીમ, ત્યાર બાદ મદદનીશ ખર્ચ નિરીક્ષક, નોડલ, ખર્ચ નિરીક્ષક દ્વારા ખર્ચના હિસાબો ચકાસવામાં આવશે. આ હિસાબોની ચકાસણી થઇ ગયા બાદ ઉમેદવારોના ખર્ચ ચૂંટણીપંચને મોકલી અપાશે.

ઉમેદવારો ૮ જાન્યુઆરી સુધીમાં ચૂંટણીપંચ સમક્ષ ખર્ચો રજૂ નહીં કરે તો તેવા ઉમેદવાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે, જેમાં ત્રણ વર્ષ માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. આ ઉપરાંત આઈપીસી કલમ ૧૭૧ પ્રમાણે સજાની પણ જોગવાઈ છે. ખર્ચની વિગતો ખોટી હોય તોપણ ઉમેદવાર સામે ઉપરોક્ત કાર્યવાહી થઈ શકે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.